dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -08 | Issue- 170 | AD - 2025, Fagan Vad - 12 | Wednesday, Dt.26-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગોમાં "ગેરકાયદે રીતે કબજો" કરી રહ્યું છે અને તેણે આ વિસ્તાર ખાલી કરવો જોઈએ

# યુએનમાં કાશ્મીરનો મુદ્દો વારંવાર ઉઠાવવા બદલ પાકિસ્તાનની ટીકા કરતું ભારત

**જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્નભાગ છે અને રહેશે : ભારતની સ્પષ્ટ વાત**

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય મંચ પર સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે પાકિસ્તાને PoK ખાલી કરવો પડશે. પાકિસ્તાને PoK પર ગેરકાયદે રીતે કબજો કર્યો છે. મંગળવારે ભારતે શાંતિ જાળવણી સુધારાઓ પર સંયુક્ત રાષ્ટ્રની ચર્ચામાં જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો વારંવાર ઉઠાવવા બદલ પાકિસ્તાનની ટીકા કરી હતી. ભારતીય રાજદૂત હરીશે કહ્યું હતું કે વારંવાર ખોટી ટિપ્પણીઓ કરવાથી પાકિસ્તાનના ગેરકાયદે દાવા સાચા નહીં થાય. પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત સરહદ પારના આતંકવાદને પણ વાજબી ઠેરવી શકાય નહીં. અમે પાકિસ્તાનને સલાહ આપીશું કે તે પોતાના એજન્ડાને આગળ વધારવા માટે યુએન જેવા પ્લેટફોર્મનો ઉપયોગ ન કરે. હરીશે કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને હંમેશાં રહેશે. પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીર પર ગેરકાયદે રીતે કબજો કર્યો છે, જેને તેણે ખાલી કરવો પડશે. ભારત વૈશ્વિક મંચો પર તેની સાર્વભૌમત્વ પર પ્રશ્ન ઉઠાવવા દેશે નહીં. રાજદૂત પાર્વથાનેની હરીશે કહ્યું, 'પાકિસ્તાનના પ્રતિનિધિએ ફરી એકવાર ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર પર અયોગ્ય ટિપ્પણી કરી છે.' આ રીતે વારંવારના ઉલ્લેખો કરવાથી તેના ગેરકાયદે દાવાઓ કાયદેસર ઠરાવી શકાય નથી અને ન તો તેના રાજ્ય-પ્રાયોજિત સરહદ પારના આતંકવાદને ન્યાયી ઠરાવી શકાય. તેમણે પાકિસ્તાનને સલાહ આપી કે તે તેના "સંકુચિત અને



વિભાજનકારી એજન્ડા" ને આગળ વધારવા માટે મંચનું ધ્યાન "વિચલિત" કરવાનો પ્રયાસ ન કરે. તેમણે એમ પણ કહ્યું હતું કે પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગોમાં "ગેરકાયદે રીતે કબજો" કરી રહ્યું છે અને તેણે "આ વિસ્તાર ખાલી કરવો" જોઈએ. સુરક્ષા પરિષદમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષાના ભવિષ્ય પર ચર્ચા દરમિયાન પાકિસ્તાની વડાપ્રધાનના ખાસ સહાયક સૈયદ તારિક ફાતમી દ્વારા જમ્મુ અને કાશ્મીર પર આપેલા નિવેદન બાદ હરીશનો આ પ્રતિભાવ આવ્યો છે. ભારતે કહ્યું હતું કે તે પાકિસ્તાન સાથે સામાન્ય પાડોશી સંબંધો ઈચ્છે છે, પરંતુ આ વાતને ભારપૂર્વક કહેવામાં આવે છે કે આવા સંબંધો માટે આતંક અને દુશ્મનાવટમુક્ત વાતાવરણ બનાવવાની જવાબદારી ઈસ્લામાબાદની છે. હાલમાં જ એક પોડકાસ્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે પાકિસ્તાન સાથે શાંતિ સ્થાપિત કરવાના દરેક પ્રયાસનો સામનો દુશ્મનાવટ અને વિશ્વાસઘાત સાથે કરવામાં આવ્યો હતો. અમેરિકાસ્થિત પોડકાસ્ટર લેક્સ ફ્રિડમેન સાથેની વાતચીતમાં તેમણે યાદ કર્યું કે તેમણે ૨૦૧૪માં તેમના શપથગ્રહણ સમારોહ માટે તેમના પાકિસ્તાની સમકક્ષ નવાઝ શરીફને ખાસ આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું, 'એ આમંત્રણ સદભાવનાનો સંકેત હતો.' આ એક એવો રાજદ્વારી સંકેત હતો, જે દાયકાઓમાં ક્યારેય જોવા મળ્યો નથી. તેમણે આતંકવાદને પ્રોત્સાહન આપવામાં પાકિસ્તાનની લાંબા સમયથી ચાલતી ભૂમિકા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો અને ભાર મૂક્યો કે વિશ્વને હવે કોઈ શંકા નથી કે આતંકવાદનાં મૂળ ક્યાં છે.

**કલમ ૩૭૦ હટાવ્યા પછી સંબંધો બગડ્યા**

**ઉલ્લેખનીય છે કે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ, ભારત સરકારે કલમ ૩૭૦ દૂર કરીને જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો નાબૂદ કર્યો હતો અને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત કરી દીધો હતો. આ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વધુ કડવાશભર્યા બન્યા અને વેપાર બંધ થઈ ગયો. ભારતનું વલણ સ્પષ્ટ છે કે તે આતંકવાદ, હિંસા અને દુશ્મનાવટથી મુક્ત વાતાવરણમાં પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી સંબંધો ઇચ્છે છે.**

# વેનેઝુએલાથી ઓઈલ, ગેસ ખરીદનારાઓ પર ડોનાલ્ડ ટ્રમ્પ ૨૫% ટેરીફ લાદશે

ન્યુ દિલ્હી,તા.૨૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાથી ઓઈલ અને ગેસ ખરીદનારા દેશો પર ૨૫% વધારાના ટેરિફની જાહેરાત કરી છે. આ ટેરિફ ૨ એપ્રિલથી લાગુ થશે. ટ્રમ્પના મતે, તેનો હેતુ વેનેઝુએલાને સજા આપવાનો છે.ટ્રમ્પે કહ્યું કે વેનેઝુએલા જાણી જોઈને અને કપટથી ગુનેગારો અને હિંસક




ગેંગના સભ્યોને યુનાઈટેડ સ્ટેટ્સમાં મોકલે છે, જેમાં ટ્રેન ડી અરાગુઆ જેવા આતંકવાદી સંગઠનોનો પણ સમાવેશ થાય છે. અમે આ ગુનેગારોને પાછા મોકલીશું.અમેરિકન રાષ્ટ્રપતિના આ નિર્ણયથી રિલાયન્સ જેવી કેટલીક ભારતીય કંપનીઓની મુશ્કેલીઓ વધી શકે છે. રિલાયન્સ ભારત દ્વારા આયાત કરાયેલા લગભગ ૯૦% ઓઈલ વેનેઝુએલાથી ખરીદે છે.ફાઈનાન્શિયલ ટાઈમ્સના અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૩માં, ભારતે વેનેઝુએલાથી દરરોજ લગભગ ૧,૯૧,૬૦૦ બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરી હતી. જાન્યુઆરી ૨૦૨૪માં, આ વધારીને ૨,૫૪,૦૦૦ બેરલ પ્રતિ દિવસ આયાત કરવામાં આવ્યું હતુ.

# છત્તીસગઢના બીજાપુર વિસ્તારમાં ત્રણ નક્સલીઓને ઠાર મારતું સુરક્ષાદળ

બીજાપુર,તા.૨૫

છત્તીસગઢના બીજાપુરના સરહદી વિસ્તારમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. નક્સલવાદીઓ અને સુરક્ષા દળોની ભૈરમગઢ એરિયા કમિટી વચ્ચે આ એન્કાઉન્ટર થઈ રહ્યું છે. એન્કાઉન્ટર સ્થળ પરથી ૩ નક્સલવાદીઓના મૃતદેહ અને મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટક સામગ્રી મળી આવી છે.



દંતેવાડા એસપી ગૌરવ રાયે આ વાતની પુષ્ટિ કરી છે. આ વિસ્તારમાં હજુ પણ બંને તરફથી ગોળીબાર ચાલુ છે. દેવા ઉર્ફે ચેતુની હત્યા થઈ હોવાની માહિતી મળી રહી છે. દેવા લગભગ ચાર દાયકાથી માઓવાદી સંગઠનમાં કામ કરી રહ્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે તાજેતરમાં જ દેવાને સંગઠનમાં મોટા પદની જવાબદારી મળી હતી. હાલમાં, દેવાના મૃત્યુની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.ઘટના અંગે બીજાપુરના એસપી જિતેન્દ્ર યાદવે કહ્યું કે સુરક્ષા દળની ટીમ નક્સલ વિરોધી ઓપરેશનમાં ગઈ હતી. આ દરમિયાન નક્સલવાદીઓની ટીમ સાથે એન્કાઉન્ટર થયું હતું. એન્કાઉન્ટર સ્થળ પરથી ત્રણ નક્સલવાદીઓના મૃતદેહ અને મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.






# લોકસભામાં ૩૫ સરકારી સુધારા સાથે ફાઈનાન્સ બીલને મંજૂરી



ન્યુ દિલ્હી,તા.૨૫

લોકસભામાં આજે ૩૫ સરકારી સુધારા સાથે ફાઈનાન્સ બિલ ૨૦૨૫ને મંજૂરી આપવામાં આવી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં સંશોધન સાથેનું ફાઈનાન્સ બિલ ૨૦૨૫ રજૂ કર્યું હતું. લોકસભામાં મંજૂરી મળ્યા બાદ હવે રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે.ફાઈનાન્સ બિલમાં ૩૫ સુધારાઓ પૈકી એક સુધારો ઓનલાઈન જાહેરાતો પર લાગુ ૬ ટકા ડિજિટલ ટેક્સ નાબૂદ કરવાની જોગવાઈ સામેલ છે. રાજ્યસભામાં બિલને મંજૂરી મળી તો ૨૦૨૫-૨૬ માટેની બજેટ પ્રક્રિયામાં નવા સુધારેલા ફાઈનાન્સ બિલનો સમાવેશ કરવામાં આવશે. યુનિયન બજેટ ૨૦૨૫-૨૬માં સરકારે કુલ રૂ. ૫૦.૬૫ લાખ કરોડનો ખર્ચ કરવાનો અંદાજ મૂક્યો છે. જે ચાલુ નાણાકીય વર્ષ કરતાં ૭.૪ ટકા વધુ છે. સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા તેમજ ટેરિફમાં સુધારો કરવાના ઉદેશ સાથે ફાઈનાન્સ બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું હતું. નિર્મલા સીતારમણે જણાવ્યા પ્રમાણે, તેમાં કસ્ટમ ડ્યૂટીમાં ફેરફારો, તદુપરાંત નીચા ઉત્પાદન ખર્ચ અને ડ્યુટીમાં ઘટાડો કરવા સાત કસ્ટમ ટેરિફ દૂર કરવાની જોગવાઈ સામેલ છે. નવા ફાઈનાન્સ બિલમાં આયાતકારો સેસ અથવા સરચાર્જમાં રાહતનો લાભ મેળવી શકશે. જો કે, બંનેનો લાભ એકસાથે મળશે નહીં. સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવા માટે સરકારે ઈવી બેટરી માટે જરૂરી ૩૫ વધારાના કેપિટલ ગુડ્સ અને મોબાઈલ મેન્યુફેક્ચરિંગ માટે જરૂરી ૨૮ કેપિટલ ગુડ્સને કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્તિ આપવાની જોગવાઈ છે.

**ઓનલાઈન જાહેરાતો પર લાગુ ૬ ટકા ડિજિટલ ટેક્સ નાબૂદ કરવાની જોગવાઈ સામેલ**










# સાવરકુંડલામાં ગ્રામ્ય વિસ્તારોમા ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા રૂા. ૧.૩૭ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન

સાવરકુંડલા, તા.૨૫



સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે ધારાસભ્ય મહેશ કસવાલાએ રૂ. ૧.૩૭ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન કર્યું હતું. આ વિકાસકાર્યોમાં ગાધકડાથી કલ્યાણપર સુધી રૂ. ૬૭ લાખના ખર્ચે તૈયાર થનાર માઈનોર બ્રિજ અને પ્રોટેક્શન વોલ તેમજ પીઠવડીથી ગણેશગઢ ગામ વચ્ચે રૂ. ૭૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર માઈનોર બ્રિજનો સમાવેશ થાય છે. આ નવી સુવિધાઓથી ગામના લોકોની અવરજવરમાં મોટી રાહત થશે . આ પ્રસંગે ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું કે, આ વેન્ટિલેટેડ કોઝ-વેનું નિર્માણ અને પ્રોટેક્શન વોલ એ ગામના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું છે. ભૂમિપૂજન સમારોહમાં જીતુભાઈ કાછડિયા, હિતેશભાઈ ખાત્રાણી, દીપકભાઈ માલાણી, લાલભાઈ મોર સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલેક્ટર અજય દહિંયાનાં અધ્યક્ષ સ્થાને માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૫



અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. કલેક્ટરે માર્ગ સલામતી અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. જિલ્લામાંથી પસાર થતાં માર્ગો પર અકસ્માત સંભવિત વિસ્તારોમાં ગતિરોધક લગાડવાની સૂચના આપવામાં આવી છે. અમરેલીથી બાબરા સિંગલ પટ્ટી રોડ પર જંગલ કટિંગની કામગીરી અંગે ચર્ચા થઈ હતી. સાવરકુંડલા રંધોળા રોડ, સેઢાવદર, વાઘણીયા ગામ પાસે, નાના લીલીયા ચોકડી અને સનાળિયા ચોકડી પર થર્મોપ્લાસ્ટ, કેટઆઈ અને મીડિયન માર્કરની કામગીરી રસ્તાનું કામ પૂર્ણ થયા બાદ કરવામાં આવશે. વાઘણીયા ગામ, સનાળીયા અને નાના લીલીયા ચોકડી પર જંકશન બોર્ડ લગાવવાનું કામ પૂર્ણ થયું છે.

# રાજુલા ખાતે તા. ૧નાં રોજ સાહિત્યસભાનું આયોજન

રાજુલા, તા.૨૫

રાજુલા ખાતે આગામી તા. ૧/૪/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૧ થી ૧ની સમય મર્યાદામાં 'સાહિત્યકુંજ'નામે સાહિત્યસભા સંમેલનનું આયોજન કરવામાં આવશે.આ સમગ્ર 'સાહિત્યકુંજ' સંમેલનનું આયોજન કોલેજના આચાર્યા ડૉ. રીટાબેન રાવળની રાહબરી હેઠળ કરવામાં આવશે. જેમાં સંચાલક તરીકે એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થિની ઉપાધ્યાય ફોરમબેન તથા સહસંચાલક તરીકે કવાડ પાયલબેન નિયુક્ત કરવામાં આવ્યા છે આ 'સાહિત્યકુંજ' સંમેલનમાં પ્રમુખ તરીકે ડૉ. મિતલબેન નાયીની વરણી કરવામાં આવેલ છે. આ 'સાહિત્યકુંજ' સંમેલનમાં રસ ધરાવતા તમામ મહિલાઓને સંસ્થાવતી પધારવા માટે ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હ્યુમન રાઈટ્સ પ્રોટેક્શન સેલ દ્વારા મહિલાઓ માટે ગજેરા કેમ્પસ ખાતે સેમિનાર યોજાયો

અમરેલી, તા.૨૫



અમરેલીના હ્યુમન રાઈટ્સ પ્રોટેક્શન સેલ દ્વારા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે મહિલાઓ માટે આજે વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં હ્યુમન રાઈટ્સ (માનવ અધિકારો) અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હ્યુમન રાઈટ્સ પ્રોટેક્શન સેલના જિલ્લા પ્રમુખ પથીકાબેન, ભાનુબેન, વૃષ્ટીબેન કાનપરિયા અને નેન્સીબેન સરખેજીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહિલાના અધિકારો, સમાજમાં સુરક્ષા માટેની જાગૃતિ અને જાતીય ભેદભાવ સામે લડવા માટે ઉપલબ્ધ કાયદાકીય મદદ વિશે માહિતી આપી હતી. સેમિનારમાં મુખ્યત્વે મહિલાઓના માનવ અધિકારો, ઘરેલુ હિંસા, મહિલાઓ માટે સહાય યોજના જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# રાજુલા નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન માટે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૨૫



રાજુલા શહેરમાં આજરોજ નગરપાલિકા દ્વારા ગર્લ્સ સ્કુલ ખાતે સ્વચ્છતા અભિયાન માટેનું સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આતકે નગરપાલિકાના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અર્ચનાબેન જોશી, ઘનશ્યામભાઈ વાઘ, રણછોડભાઈ મકવાણા તેમજ ગર્લ્સ સ્કુલના આચાર્ય સીમાબેન વ્યાસ પણ ઉપસ્થિત રહ્યા હતા

# આગામી તા. ૨૭ માર્ચે અમરેલી ખાતે જિલ્લાકક્ષા યુથ પાર્લામેન્ટ યોજાશે

અમરેલી, તા.૨૫

ગુજરાત રાજય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત અને અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી દ્વારા જિલ્લા કક્ષા યુથ પાર્લામેન્ટનું આયોજન તા.૨૭ માર્ચ, ૨૦૨૫ને ગુરુવારના રોજ અમરેલી સ્થિત ચિતલ રોડ ગાયત્રી મંદિર પાસે આવેલી દીપક હાઈસ્કૂલ ખાતે કરવામાં આવશે. જિલ્લાના ૧૫ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ ભાગ લઈ શકે છે.ભાગ લેનાર સ્પર્ધકોમાંથી ૧૦ નંબર આપવામાં આવશે. પ્રથમ વિજેતા સ્પર્ધકને રુ.૨૧ હજાર, દ્વિત્તિયને રુ.૧૫ હજાર, તૃત્તિયને રુ.૧૦ હજાર તેમજ અન્ય સાત સ્પર્ધકોને રુ.૫,૦૦૦ પ્રોત્સાહક રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધાનું અરજી ફોર્મ કચેરી બ્લોગ એડ્રેસ dydoamreli.blogspot.com પરથી અથવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક સી, રુમ નં. ૧૧૦-૧૧૧ પ્રથમ માળ અમરેલી ખાતેથી મેળવવું. અરજી તા. ૨૬ માર્ચ, ૨૦૨૫ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં કરવી.

# અમરેલીમાં જયહિન્દ ગૌ સેવા સંઘ દ્વારા તરસ્યા જીવો માટે સેવાકીય કાર્ય

અમરેલી, તા.૨૫



અમરેલી શહેરમાં જયહિન્દ ગૌ સેવા સંઘ જેસીંગપરા દ્વારા તરસ્યા જીવો માટે પાણીની ટાંકીઓ અને નાના નાના પશુ-પરબો બનાવવાનું સેવાકીય અભિયાન ચલાવી રહ્યા છે. સંગઠન દ્વારા શહેરના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જેઓ પોતાના ઘર, શેરી અથવા સાર્વજનિક પ્લોટ કે અન્ય કોઈ જગ્યા પર આવા તરસ્યા પશુઓ માટે પાણીની ટાંકી મુકવા ઈચ્છતા હોય તેઓ સંગઠનના મો. નં. ૭૩૫૯૫ ૯૬૫૭૬ પર સંપર્ક કરી શકે છે.


# મોટા મુંજીયાસર પ્રા. શાળામાં વિદ્યાર્થીઓએ શરીર પર બ્લેડ વડે કાપા પાડતા ખળભળાટ

બગસરા,તા.૨૫

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામની પ્રાથમિક શાળામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શાળાના ધોરણ ૫, ૬ અને ૭ ના ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના હાથ અને પગ પર બ્લેડ વડે કાપા મારીને જાતે જ ઈજા પહોંચાડી હતી. આ ઘટનાથી સમગ્ર શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.જ્યારે વિદ્યાર્થીઓના વાલીઓએ આ બાબતે પૂછપરછ કરી, ત્યારે બાળકોએ શિક્ષકોએ કહેવાની ના પાડી હોવાનું જણાવ્યું હતું. આથી વાલીઓ શાળાએ પહોંચ્યા હતા, પરંતુ તેમને સંતોષકારક જવાબ મળ્યો ન હતો. ત્યારબાદ ગ્રામ પંચાયતે આ મામલે પોલીસને અરજી આપીને તપાસની માંગણી કરી છે. ગામના સરપંચ જયસુખભાઈ ખેતાણીએ જણાવ્યું હતું કે, જો આ ઘટનાનું કારણ તાત્કાલિક શોધવામાં નહીં આવે, તો ભવિષ્યમાં કોઈ બાળક જીવ પણ ગુમાવી શકે છે. શાળામાં લાગેલા સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવે તો સાચી હકીકત બહાર આવી શકે છે.

# અમરેલીના કેરિયા નાગસમાં કોટેક્સ મીલમાં આગ, ફાયર વિભાગે મેળવ્યો કાબૂ

અમરેલી,તા.૨૫



અમરેલી તાલુકાના કેરિયા નાગસ ગામે આવેલી તિરુપતિ કોટેક્સ મીલમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. અમરેલી ફાયર કંટ્રોલ રૂમને જાણ થતાં, ફાયર ઓફિસર એચ.સી. ગઢવીના નેતૃત્વ હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ એક ફાયર વોટર બાઉઝર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના કર્મચારીઓએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ફાયર વિભાગના પ્રવીણભાઈ ચૌહાણ, સાગરભાઈ પુરોહિત, અરૂણભાઈ વાઘેલા, જગદીશભાઈ ભુરીયા, ઋત્વિકભાઈ ભીમાણી, હર્ષભાઈ ચાવડા અને મિલનભાઈ સાગઠીયાએ આ કામગીરીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# જાફરાબાદના કોવાયા ગામે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો, ૪૦૦ દર્દીઓએ લાભ લીધો

રાજુલા,તા.૨૫


તસવીર : ગોપાલ રાઠોડ

જાફરાબાદના કોવાયા ગામે એસ.ઓ.એસ. હોસ્પિટલ દ્વારા કોવાયા પ્રાથમિક શાળા ખાતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિવિધ પ્રકારના રોગોના દર્દીઓની તપાસ અને સારવાર કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને બીપી, ડાયાબિટીસ, મસા, હરસ, હાડકાના રોગો, બાળકોના રોગો, સ્ત્રી અને પ્રસૂતિ રોગો, દાંતના રોગો, કસરતનું માર્ગદર્શન, મગજની ગાંઠ, કમરનો દુખાવો, કેન્સરના રોગો, કાન, નાક, ગળાના રોગો અને ચામડીના રોગોનો સમાવેશ થાય છે.આ કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરોએ સેવા આપી હતી અને જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૦૦ થી વધુ દર્દીઓએ ભાગ લીધો હતો અને લાભ મેળવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિવિધ ગામના સરપંચો અને અલ્ટ્રાટેક સિમેન્સ લિમિટેડના સ્ટાફે સહકાર આપ્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# સાવરકુંડલામાં રેલ્વે ફાટક અને રોડનાં કામને લઈને જાહેરનામુ પ્રસિધ્ધ

અમરેલી, તા.૨૫


અમરેલી જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સાવરકુંડલા-મહુવા રોડ પર રેલવે ફાટક નં.૬૭/બી પર રેલવે ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરી દરમિયાન વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામા અનુસાર ત્રણ વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યા છે. ભારે અને મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસનો ઉપયોગ કરવાનો રહેશે. દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનો માટે બ્રિજની બંને બાજુના સર્વિસ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. મધ્યમ વાહનો માટે માર્કેટિંગ યાર્ડ પાસેના રેલવે અંડરપાસમાંથી પસાર થવાનું રહેશે. તથા સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ૧૩.૪ એમએલડી એસટીપી પ્લાન્ટની કામગીરી શરુ કરવામાં આવી છે.એસટીપી પ્લાન્ટ સાથે સાવરકુંડલાને જોડતી મુખ્ય ગટર લાઈન નાંખવાની થતી હોવાથી, સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં આવેલ નાવલી પોલીસ ચોકીથી ભુવા રોડના પુલ પાસે આવેલા ગોડાઉન સુધી ૪૫૦ ડાયાની આર.સી.સી. પાઈપ લાઈન નાંખવામાં આવશે. ભુવા રોડના પુલથી રિદ્ધિ સિદ્ધિ ચોક (નાવલી પોલીસ ચોકી) પસાર થતાં નાના વાહનો માટે ખાતર વાડી ભુવા રોડ પુલથી શિવાજી નગર, ગોંદરા થઈ જૂના બસ સ્ટેશન રોડથી રિદ્ધિ સિદ્ધિ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે. વૈકલ્પિક રુટ- ૨ મુજબ ભુવા રોડના પુલથી રિદ્ધિ સિદ્ધિ ચોક (નાવલી પોલીસ ચોકી) પરથી પસાર થતા મોટા વાહનો તથા એસ.ટી. બસને બાયપાસ તરફથી તથા અન્ય રૂટના રોડ ઉપરથી પસાર થવાનું રહેશે. આ જાહેરનામું તા.૧૯-૪-૨૦૨૫ સુધી અમલી રહેશે.

# રાજુલા શહેરમાં સફાઈ ઝુંબેશ વચ્ચે રસ્તાઓની દુર્દશા, લોકોને ભારે હાલાકી

**ચોમાસા પહેલા તમામ રસ્તાઓનું રીપેરીંગ કરવા માંગ ઉઠી**

રાજુલા,તા.૨૫

રાજુલા નગરપાલિકાના સભ્યો દ્વારા શરૂ કરવામાં આવેલી સફાઈ ઝુંબેશને શહેરીજનોએ આવકારી છે. પરંતુ, શહેરના રસ્તાઓની



દયનીય હાલતને કારણે લોકો પરેશાન છે. પોલીસ સ્ટેશનથી હોસ્પિટલ, બસ સ્ટેન્ડથી આંબેડકર સર્કલ અને આંબેડકર સર્કલથી આહીર સમાજના ગેટ સુધીના મુખ્ય માર્ગો છેલ્લા ઘણા સમયથી તૂટેલા છે, જેના કારણે મોટા ખાડાઓ પડ્યા છે. આ ઉપરાંત, શહેરમાં ગેસ પાઈપલાઈન અને જીઈબીના કેબલ નાખવાના કારણે અનેક સોસાયટીઓમાં પણ મોટા ખાડાઓ પડ્યા છે. આ ખાડાઓનું યોગ્ય રીતે પુરાણ ન થતાં સોસાયટીના લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસા પહેલા આ તમામ રસ્તાઓનું સમારકામ કરવામાં આવે તેવી લોકોની માંગણી છે

# રાજુલાના કથીવદરપરા ગામે અકસ્માતમાં એકનું મોત નિપજયુ

**અકસ્માત અંગે છોટા હાથીના ચાલક સામે ફરીયાદ**

રાજુલા, તા.૨૫

રાજુલાના કથીવદરપરા ગામે અકસ્માતમાં એકનું મોત થયું હતું. રાજેશભાઈ દાહાભાઈ શિયાળ (ઉ.વ.૪૨) એ GJ-૦૪-ઉ-૧૭૩૩ ના વાહનચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો દિકરો રોડે ચાલીને પોતાના ઘરે આવતો હતો ત્યારે તેમના ઘર પાસે એક છોટા હાથી નં.GJ-૦૪-ઉ-૧૭૩૩ ના વાહનચાલકે તેમના દિકરાને પાછળથી ટક્કર મારી હતી. જેમાં બંને પગે ઈજા થઈ હતી. તેમજ છાતીના ભાગે મુંઢ ઈજા કરી મોત નિપજાવ્યું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર. છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલનો ભવ્ય વિદાય સમારોહ યોજાયો

અમરેલી, તા.૨૫

અમરેલી શહેરની માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. બલભદ્રસિંહ આર. ચુડાસમાનો વિદાય સન્માન સમારોહ અમરેલી જિલ્લા વિદ્યાસભા દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન એન.સી. ગાંધી મહિલા આર્ટ્સ



એન્ડ કોમર્સ કોલેજ-ભાવનગરના કાયમી પ્રિન્સિપાલ તરીકે પસંદગી થતાં તેમની વિદાયનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાની ૪૦થી વધુ સંસ્થાઓ અને વ્યક્તિવિશેષોએ હાજરી આપી હતી. વિદ્યાર્થીનીઓએ પણ પોતાના પ્રિય પ્રિન્સિપાલને ભાવભીની વિદાય આપી હતી. ડો. ચુડાસમાએ છેલ્લા પાંચ વર્ષમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ તરીકે કોલેજના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે કોલેજને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે માન્યતા અપાવી હતી.

# માણાવાવ ગામની સીમમાં ગઢાણ તરીકે ઓળખાતા વિસ્તારમાંથી ૩ જુગારી ઝડપાયા

**પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૨૬,૩૫૦ની રોકડ રકમ કબજે કરી**

ચલાલા, તા. ૨૫

અમરેલી જિલ્લામાં હજુપણ જુગારીઓને પોલીસનો ડર ન હોય તેમ જાહેરમાં જુગાર રમી રહ્યાં છે. ધારી તાલુકાના માણાવાવ ગામની સીમમાં ગઢાણ તરીકે ઓળખાતા વિસ્તારમાં ખુલ્લામાં પડતર જગ્યામાં જાહેરમાં જુગાર રમતાં ત્રણ ઈસમો ઝડપાયા હતા. ઈરફાનભાઈ દિલાવરભાઈ કુરેશી, હિંમતભાઈ દેવચંદભાઈ બુટાણી તથા લાલજીભાઈ વિઠ્ઠલભાઈ મકવાણા જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તી રોન નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૨૬,૩૫૦ સાથે ઝડપાયા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.જે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી કલેકટર કચેરી ખાતે NCD અંતર્ગત સ્પેશિયલ સ્ક્રીનિંગ ડ્રાઈવનું આયોજન

**૫૫ કર્મચારીઓનાં હેલ્થની ચકાસણી કરવામાં આવી**

અમરેલી, તા.૨૫


ભારત સરકારના રાષ્ટ્રીય બિન-ચેપી રોગ નિવારણ અને નિયંત્રણ કાર્યક્રમ (NP-NCD) હેઠળ, રાજ્યમાં ૩૦ વર્ષ અને તેથી વધુ વયના લોકો માટે ૨૦ ફેબ્રુઆરી થી ૩૧ માર્ચ,



૨૦૨૫ સુધી NCD અંતર્ગત સ્પેશિયલ સ્ક્રીનિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાનનો ઉદ્દેશ્ય બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને ત્રણ પ્રકારના કેન્સર (મોં, સ્તન અને સર્વાઈકલ)નું સ્ક્રીનિંગ, નિદાન, સારવાર અને ફોલોઅપ કરવાનો છે. અમરેલી જિલ્લા કલેક્ટર અને જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ, ૨૫ માર્ચના રોજ કલેક્ટર કચેરીમાં એક સ્ક્રીનિંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૫ કર્મચારીઓના બીપી અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૬ લોકોને ડાયાબિટીસ અને ૫ લોકોને બીપી હોવાનું નિદાન થયું હતું.

# અમરેલીના વરૂડી ગામે તળાવમાં ડૂબી જવાથી વ્યક્તિનું મૃત્યુ



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લાના વરૂડી ગામમાં ખોડિયાર મંદિર પાસેના તળાવમાં એક દુઃખદ ઘટના બની હતી, જ્યાં એક વ્યક્તિ ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા. અમરેલી ફાયર કંટ્રોલરૂમને આ ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર એચ.સી. ગઢવીના નેતૃત્વ હેઠળની અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે માત્ર ૧૦ મિનિટના પ્રયત્નો બાદ વ્યક્તિના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢ્યો હતો અને સ્થાનિક પોલીસને સોંપ્યો હતો. મૃતકની ઓળખ આનંદભાઈ દેસાઈ તરીકે થઈ છે, જેઓ લગભગ ૫૨ વર્ષની ઉંમરના હતા.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢરોડ અમરેલી- Ad130

**સંકુલ BA-B.Com.-B.Sc.-BBA-BCA કોલેજ**

- ★ BA મેજર ઈંગ્લીશ – મેજર મનોવિજ્ઞાન – મેજર સમાજશાસ્ત્ર–રેગ્યુલર કોલેજ
- ★ B.Com. ગુજરાતી મિડીયમ - B.Com. ઈંગ્લીશ મિડીયમ – રેગ્યુલર કોલેજ
- ★ B.Sc. મેજર માઈક્રોબાયોલોજી – મેજર બાયોટેકનોલોજી – ઈન્ટર બાયોકેમેસ્ટ્રી
- ★ BBA - BCA કોલેજ – સૌ.યુનિ. સંલગ્ન - AICTE માન્ય – રેગ્યુલર કોલેજ
- ★ KG ટુ PG – સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – સારૂ પરિણામ
- ★ KG ટુ PG - EM-GM સ્કૂલ–કોલેજ–હોસ્ટેલ–ગર્લ્સ કેમ્પસ–Since-1997

**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૨૮/૨૫ તા.૧૭/૦૩/૨૦૨૫

**વિવાદી** :- શ્રી ઉજીબેન અરજણભાઈ રાઠોડ
ઠે. કાંચરડી, તા. લાઠી, જી.અમરેલી. મો. ૯૪૨૭૨૦૬૩૨૦
C/O ઈતેશકુમાર કે. મહેતા ઠે. નગરપાલીકા સામે, દામનગર

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી** :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ- તલાટી કમ મંત્રીશ્રી
મુ.કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કાંચરડી ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પતિ અરજણભાઈ માનાભાઈ રાઠોડનું મરણ તા.૧૦/૦૬/૧૯૯૫ના રોજ, કાંચરડી, તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/ મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૦૩/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૨૫/૨૦૨૫

**અરજદાર** :- શ્રી સંજયભાઈ નારણદાસ દેવમુરારી
રહે. ચક્કરગઢ, તા. જી. અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચક્કરગઢ, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચક્કરગઢ ગામમાં અરજદારશ્રી સંજયભાઈ નારણદાસ દેવમુરારી તેઓના પુત્ર મોહિત સંજયભાઈ દેવમુરારી ની જન્મ (તા.૧૬/૦૭/૨૦૦૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.


(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## અવસાન નોંધ

**વડિયા**

વડિયા સ્ટેશન વાવડી નિવાસી નવલકિશોરભાઇ શાન્તીલાલ વણઝારા ઉવ ૮૧ તે ભરતભાઈ, દિલીપભાઈ, ચતુરભાઈ, રેખાબેન તથા સોનલબેન ના પિતાશ્રી તથા નિતીનકુમાર આડવીયા ના સસરા નિર્મળાબેન અજાબીયા ના ભાઈ નું તા ૨૩/૩/૨૫ ના રોજ અવસાન થયેલ છે તેમનું ઉઠમણું તથા સસુર પક્ષની સાદડી તા ૨૭/૩/૨૫ ને ગુરૂવારે સાંજે ૩ થી ૫ તેમના નિવાસસ્થાને રાખેલ છે




**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

તંત્રી લેખ

# ભારતના સાંસદો વધુ અમીર બન્યા

સુનિતા વિલિયમ્સ અવકાશમાં નવ મહિના સુધી ટેકનિકલ કારણોસર ફસાઈ ગઈ હતી. આ ૯ મહિના દરમિયાન તેને કોઈપણ પ્રકારનું નાણાકીય વળતર આપવાનો ડોનાલ્ડ ટ્રમ્પે ઈનકાર કરી દીધો છે.! જ્યારે આપણા દેશમાં કરોડપતિ સાંસદોને પણ ૨૪% નો વધારો આપી દેવામાં આવ્યો છે. બીજી બાજુ જેણે નિષ્ઠાપૂર્વક નોકરી કરી છે તેવા ૯૫ ના ઈપીએફના કાયદા મુજબના કર્મચારીઓને આજની તારીખ આ સરકાર માત્ર ૮૫૧ રૂપિયા જેવું મામુલી પેન્શન આપે છે! આ કેટલો મોટો વિરોધભાસ છે.માત્ર ૮૫૦ રૂપિયામાં આ માનવીઓ કેવી રીતે પરિવારનું ગુજરાન ચલાવી શકે તેનો વિચાર નથી સરકાર કરતી કે નથી સાંસદ સભ્યો કરતા. સાંસદ સભ્યોને પગાર પેન્શનમાં ૨૪% સુધીનો વધારો થતા તેનો માસિક પગાર એક લાખથી વધારે એક લાખ ૨૪ હજાર કરાયો છે તેનું દૈનિક ભથ્થું ૨૦૦૦ થી વધારીને અઢી હજાર કરવામાં આવ્યું છે જ્યારે ઈપીએફના ૯૫ ના કામદારોને આખા મહિનાનુ પેન્શન માત્ર ૩૫૦ રૂપિયાથી માંડી ૮૫૧ રૂપિયા જેટલું મામુલી પેન્શન મળે છે. કેન્દ્ર સરકાર દ્વારા સાંસદોનાં વેતન અને પેન્શનમાં ૨૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વેતન અને પેન્શનમાં વધારો ૧ એપ્રિલ ૨૦૨૩થી અમલમાં આવશે. નવા વેતન અને પેન્શનને કોસ્ટ ઈન્ફલેશન ઈન્ડેક્સ એટલે કે મોંઘવારીનાં આંકને આધારે નક્કી કરવામાં આવ્યા છે. ફક્ત સાંસદોનાં વેતનમાં જ વધારો નથી કરાયો. બેઠકોમાં ભાગ લેવા માટે મળનાર દૈનિક ભથ્થાં તેમજ પૂર્વ સાંસદોનું પેન્શન અને વધારાની સેવાના વર્ષો માટે આપવામાં આવનાર પેન્શનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. દર પાંચ વર્ષે સાંસદોના વેતન અને ભથ્થાંની સમીક્ષા કરવામાં આવે છે અને તેમાં વધારો કરાય છે. જો કે આ વખતે સાંસદોનાં વેતન અને ભથ્થાંમાં ૭ વર્ષે વધારો કરાયો છે. કર્ણાટક સરકાર દ્વારા સીએમ તેમજ પ્રધાનો અને ધારાસભ્યોનાં વેતનમાં ૧૦૦ ટકા વધારાને મંજૂરી અપાઈ છે. સાંસદોને વેતન ઉપરાંત અન્ય સુખસુવિધાઓ આપવામાં આવે છે. જેમાં કેટલીક સુવિધા તેમનાં પરિવારને પણ અપાય છે. આખા વર્ષમાં ૩૪ વખત મફત વિમાન પ્રવાસ તેમજ પત્ની માટે મફત વિમાન પ્રવાસ અને અનલિમિટેડ ટ્રેનનો પ્રવાસ, સંસદ સત્ર વખતે ઘરથી દિલ્હી સુધી વર્ષમાં ૮ વિમાન પ્રવાસનો સમાવેશ થાય છે. એક સાંસદને ૫૦,૦૦૦ યુનિટ મફત વીજળી અને ૧,૭૦,૦૦૦ મફત કોલ્સ, ૪૦ લાખ લિટર પાણી અને રહેવા માટે સરકારી બંગલાની સુવિધા અપાય છે. આવી સુવિધા તો અમેરિકન સેનેટરોને પણ આપવામાં આવતી નથી ! ભારતના સાંસદો આર્થિક રીતે ગરીબ નથી મોટાભાગના ખૂબ જ ધનવાન છે અમુક તો કરોડો પતિ જ છે આમ છતાં તેઓએ પગાર પેન્શનમાં આ વધારાને આવકાર આપ્યો છે એક પણ સાંસદે એમ નથી કીધું કે અમે ધનવાન છીએ આ વધારો અમારે નથી જોતો. પ્રજાના સેવકો સંસદમાં જાય છે પછી પોતાના વિસ્તાર પ્રત્યે કેટલું ધ્યાન આપે છે તે એક પ્રશ્ન છે ઘણા તો હાજર પણ નથી રહેતા અને સંસદનો કિમતી સમય બગાડે છે વાદવિવાદ દેકારા પડકાર કરવા સિવાય આ લોકો રાષ્ટ્રનો કીમતી સમય બગાડી રહ્યા છે. કાર્યક્ષમતાની દ્રષ્ટિએ જો આ પ્રજા સેવકોનુ મૂલ્યાંકન કરવામાં હવે તો બહુ ઓછા તેમાં પાસ થાય તેમ છે. મહત્વના ઠરાવો સમય દેકારા પડકારા કરનારાઓ અને વોક આઉટ કરનારાઓ આ પગાર પેન્શન વધારા મેળવ્યા પછી પ્રજા સેવક તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે તે જરૂરી છે. પગાર પેન્શનમાં વધારો આવકાર્ય છે તેનો વિરોધ નથી પરંતુ જેને માત્ર ૮૦૦ રૂપરડી મળે છે. એવા લાખો કર્મચારીઓનો પણ સરકારે વિચાર કરીને તેને યોગ્ય પેન્શન આપવું જરૂરી છે.

સ્પેશ્યલ પી.પી. ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલો ગ્રાહ્ય રહી

# અમરેલીમાં સગીરા પર બળાત્કારનાં કેસના આરોપીને આજીવન કેદની સજા

અમરેલી, તા.૨૫



સમગ્ર દેશનાં દુષ્કર્મનાં કેસો વધતા જાય છે ત્યારે અમરેલીમાં ૧૧ વર્ષની બાળા પર દુષ્કર્મ આચરનાર મામાને આજીવન કેદની સજા ફટકારવામાં આવતા લોકોએ આ સજાને આવકારી હતી. અમરેલીનાં ચક્કરગઢર રોડ પર રહેતા એક પરીવારની ૧૧ વર્ષિય બાળાએ તેમની માતાને મારે મરી જવું છે તેમ જણાવતા માતાએ બાળકીને પૂંછતા તેમણે જણાવેલ કે મામાએ અનેકવાર તેમની ઈચ્છા વિરૂધ્ધ ગંદુ કામ કર્યુ હોવાથી મારે મરી જવું છે. જેથી બાળકીને માતાએ આ બાબતે અમરેલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા આ કેસ સ્પેશ્યલ પોસ્કો કોર્ટમાં ચાલી જતાં જજ દ્વારા આરોપીને છેલ્લાં શ્વાસ સુધી સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. અને ભોગ બનનારના પરિવારને ધમકી આપનાર આરોપીના પિતા મહીપત ભટ્ટને ૨ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી હતી. તેમજ ભોગ બનનાર દીકરીને રૂા.૪ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ફરીયાદી તર્ફે સ્પે.પી.પી. તરીકે ઉદયનભાઈ ત્રિવેદી રોકાયા હતા

# ખાંભાના રાહાગાળા ગામે ભાગીયો ઉપાડના ૬૨,૦૦૦ રોકડા લઈ ફરાર

બાઇક પણ સાથે લેતો ગયો

ખાંભા, તા.૨૫

ખાંભાના રાહાગળા ગામે ભાગીયો ઉપાડના પૈસા અને બાઈક પણ સાથે લેતો ગયો હતો. બનાવ અંગે ગાંધીનગરના સરગાસણમાં રહેતા મૂળ ખાંભાના રાહાગાળા હરેશકુમાર હરગોવીંદભાઈ વ્યાસ (ઉ.વ.૬૧)એ ખાંભાના ચક્રાવરામાં રહેતા લાલભાઈ રણછોડભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આકામના તેમણે આરોપીને જમીન ભાગીયું રાખવા આપી હતી. તેની પાસેથી અવાર-નવાર ઉપાડ પેટે રૂ.૬૨,૦૦૦ રોકડા લીધા હતા. તેમનું કાળા કલરનું હીરો હોન્ડા કંપનીનુ ડ્રીમયુગા.રૂ.૩૨,૦૦૦/- વાળુ મોટર સાયકલ ખેતીકામે ઉપયોગ કરતો હતો. આ રોકડ રૂપિયા તથા મોટર સાયકલ તેમની વાડી ખેતરેથી વિશ્વાસમાં લઈ વાડીએથી જતો રહ્યો હતો.ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી કે પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના મોટા આગરીયા ગામે તું મારી સામે કેમ બોલે છે? તેમ કહી ઝપાઝપી કરી

રાજુલા, તા.૨૫

રાજુલાના મોટા આગરીયા ગામે તું મારી સામે કેમ બોલે છે કહી ઝપાઝપી કરવામાં આવી હતી. તેમજ ગળાના ભાગે નખોરીયા મારવામાં આવ્યા હતા. અજયભાઈ ગોબરભાઈ સોલંકી (ઉ.વ.૨૧)એ લગધીરભાઈ નજુભાઈ ખુમાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેના કાકાના દિકરા સારૂ સોડા લેવા માટે ગામના બસ સ્ટેશન પાસે ગયા હતા. આ સમયે સામાવાળા સામેથી ચાલીને આવતા હોય અને તેમની સાથે ભટકાયા હતા. સામાવાળા તેમને કહેવા લાગેલ કે તું મારી સાથે કેમ ભટકા છો? તેમ કહેતા તેમણે સામાવાળાને કહેલ કે તમારૂ ધ્યાન ન હતું, તમે મારી સાથે ભટકાણા છો. આ અંગે સામાવાળાને સારૂ નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ તું મારી સામે કેમ બોલ છો? તેમ કહી ઝપાઝપી કરવા લાગેલ અને ગળાના ભાખે નખ માર્યા હતા. તેમજ ધકકો મારી પછાડી દઈ મુંઢ ઈજા કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એન બી સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા તાલુકાની તમામ શાળાઓમાં S.M.C. કમિટીની બેઠકનું આયોજન કરાયું

સાવરકુંડલા,તા.૨૫



સાવરકુંડલા તાલુકાની સરકારી તમામ પ્રાથમિક શાળાઓમાં એસ.એમ.સી. કમિટીની બેઠકનું તા. ૨૪ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.એમ.સી.ના સભ્યોને શાળા કક્ષાએ એમની ફરજ અને જવાબદારી બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે બી.આર.સી. કો. ઓ. વિપુલભાઈ દુધાત અને સી.આર.સી. મુસ્તાકભાઈ જાદવે પે.સે.-૧ તાલુકા શાળા ખાતે એસ.એમ.સી. બેઠકમાં હાજર રહી સભ્યોને માર્ગદર્શન આપેલ. જિલ્લા ટીચર્સ ટ્રેનિંગ કો. ઓ. કનુભાઈ જાદવે ટેલિફોનિક માર્ગદર્શન અને અભિનંદન આપ્યા હતા.

# સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં ૨૬થી ૩૧ માર્ચ સુધી હરરાજીની કામગીરી બંધ રહેશે

સાવરકુંડલા, તા.૨૫





સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં માર્ચ એન્ડિંગ હોવાથી હરરાજીનું કામકાજ ૨૬/૦૩/૨૦૨૫ને બુધવારથી ૩૧/૦૩/૨૫ સોમવાર સુધી બંધ રહેશે. તા. ૦૧/૦૪/૨૫ મંગળવારથી યાર્ડમાં તમામ હરરાજીનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે. જોકે, આ સંદર્ભે શાકભાજી વિભાગ અને ઓફિસ વર્ક રાબેતા મુજબ શરૂ રહેશે.

ઓફિસ વર્ક તેમજ શાકભાજી વિભાગ રાબેતા મુજબ શરૂ રહેશે

# રાજુલાના નીંગાળા-૧ ગામે ખેતરના શેઢા મુદ્દે કુટુંબીજનો વચ્ચે મારામારી

મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈએ તપાસ શરૂ કરી

રાજુલા, તા.૨૫

રાજુલાના નીંગાળા ૧ ગામે ખેતરના શેઢા મુદ્દે કુટુંબીજનોમાં ડખો થયો હતો. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી કનુભાઈ મેણસીભાઈ લાખણોત્રા (ઉ.વ.૪૫) એ લક્ષ્મણભાઈ ગાંડાભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભત્રીજા તથા નીંગાળા-૦૧ ગામના હરસુરભાઈ બન્નેને અવાર-નવાર માથાકુટ થતી હતી. જેનું મન દુઃખ રાખી તેમને ડાબા ગાલ ઉપર બે ધોલ (ઝાપટ)નો મુંઢ માર્યો હતો. ઉપરાંત જેમ ફાવેતેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ લક્ષ્મણભાઈ ગાંડાભાઈ લાખણોત્રા આહીર (ઉ.વ.૫૪)એ કનુભાઈ મેણસીભાઈ લાખણોત્રા તથા બાબુભાઈ મેરૂભાઈ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનું તથા આરોપીનું ખેતર બાજુબાજુમાં હતું. જેથી શેઢાની તકરાર ચાલતી હતી. આ બાબતે સામસામે બોલાચાલી થતા આરોપીએ એકસંપ થઈ માથાના ભાગે તથા ખભાના ભાગે લાકડી વતી મુંઢ ઈજા કરી હતી. તેમજ ભુંડા બોલી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ બી.ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૪૮૪ |
| જુવાર સફેદ | ૭૨૧ | ૯૮૦ |
| બાજરી | ૪૦૦ | ૫૮૫ |
| તુવેર | ૧૨૨૫ | ૧૪૨૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગ | ૧૩૯૯ | ૧૬૦૮ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૪૦ |
| ચોળી | ૨૨૫૦ | ૨૨૫૦ |
| વટાણા | ૧૨૩૦ | ૧૭૩૦ |
| તલી | ૧૫૩૬ | ૧૯૦૦ |
| સુરજમુખી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૧૯૧ | ૧૨૩૮ |
| સોયાબીન | ૭૦૦ | ૭૬૬ |
| લસણ | ૭૫૦ | ૧૨૬૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૭૮૦ |
| ધાણી | ૧૩૫૦ | ૨૧૫૦ |
| વરીયાળી | ૧૨૭૫ | ૧૨૭૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૭૦ |
| રાય | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૨૫ |
| અશેરીયો | ૧૩૦૧ | ૧૩૦૧ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૩૫૫ |
| રાયડો | ૯૮૦ | ૧૦૩૯ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૬૨૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૭૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૧૩૦૦ | ૨૭૦૦ |
| તરબુચ | ૨૨૦ | ૩૬૦ |
| બટેટા | ૧૩૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૭૫ | ૨૭૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૪૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| ફલાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| વાલોળ | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૩૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૪૫૦ | ૭૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૫૦ | ૫૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૫૦ | ૨૭૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૭૦ | ૨૬૦ |
| આદુ | ૭૫૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૮૦ | ૧૪૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૦૫૫ |
| ગીરનાર શીંગ | ૧૦૫૮ | ૧૧૦૦ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૦૭૫ |
| શિંગ ફાડા | ૯૩૦ | ૧૨૭૦ |
| તલ સફેદ | ૧૩૦૫ | ૧૬૪૦ |
| તલ કાશ્મીરી | ૧૯૭૫ | ૧૯૭૫ |
| જુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૩૨ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૮ |
| ચણા દેશી | ૧૦૨૩ | ૧૦૭૮ |
| સફેદ ચણા | ૧૦૨૨ | ૧૪૬૬ |
| તુવેર | ૭૫૦ | ૧૩૭૭ |
| કપાસ | ૭૫૦ | ૧૫૨૦ |
| એરંડા | ૧૧૮૨ | ૧૨૨૧ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૨૬૦ |
| રાયડો | ૯૯૬ | ૧૦૨૧ |
| રાય | ૯૩૦ | ૧૧૩૦ |
| ધાણા | ૧૧૯૦ | ૧૬૪૦ |
| ધાણી | ૧૧૪૦ | ૨૦૩૦ |
| અજમા | ૧૩૦૦ | ૨૧૫૨ |
| મેથી | ૬૦૦ | ૯૪૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૪૪ |
| મરચા લાંબા | ૪૦૦ | ૨૯૧૦ |
| દેશી મરચા | ૪૦૦ | ૫૫૫૦ |
| કાંગ | ૬૦૫ | ૬૦૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૫૦ | ૩૧૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૧૦ | ૧૬૦ |
| કોબીજ | ૭૦ | ૯૦ |
| શક્કરીયા | ૨૫૦ | ૩૧૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૪૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૧૦ | ૫૧૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૧૦ | ૮૧૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૧૦ | ૧૦૧૦ |
| શક્કરટેટી | ૨૬૦ | ૩૧૦ |
| ભીંડો | ૭૨૦ | ૯૨૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૫૧૦ | ૬૧૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૩૦ | ૭૩૦ |
| બીટ | ૧૦૦ | ૧૫૦ |
| વાલ | ૬૨૦ | ૭૨૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૨૬૦ | ૩૬૦ |
| મરચા લીલા | ૩૨૦ | ૪૨૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૨૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૬૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૮૦૦ | ૧૪૨૦ |
| મકાઈ | ૧૦૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૪૦૦ | ૨૮૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૮૬ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૦૫૧ |
| સિંગ ફાડીયા | ૭૦૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૭૧ |
| કલંજી | ૨૧૮૧ | ૩૫૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૭૫૧ | ૫૭૦૧ |
| લસણ સુકું | ૫૮૧ | ૧૩૦૧ |
| મરચા | ૪૦૧ | ૨૩૫૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૦૮૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૮૪ |
| ગોગળી | ૮૦૦ | ૧૩૧૧ |

**ગોંડલ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૧૬૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૩ |
| કોથમીર પુરા | ૬ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| ઘીસોડા | ૩૨૦ | ૯૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૧૮ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૨૦ | ૬૦૦ |
| વાલોર | ૨૪૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૨૦ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૪ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૫ | ૧૪૨૫ |
| મગફળી | ૮૭૫ | ૯૭૪ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ચણા | ૯૩૦ | ૧૦૦૮ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૬૫૧ |
| તુવેર | ૧૦૩૦ | ૧૩૨૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| મગ | ૧૪૩૦ | ૧૪૩૦ |
| મેથી | ૯૪૯ | ૯૯૬ |
| રાઈડો | ૧૦૩૧ | ૧૦૩૧ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૮૦ | ૧૪૫૩ |
| ચણા | ૯૭૯ | ૧૦૨૩ |
| જુવાર સફેદ | ૮૦૧ | ૮૦૧ |
| તલ સફેદ | ૧૮૮૫ | ૧૮૮૫ |
| ઘઉં | ૫૪૬ | ૫૫૫ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૦ | ૧૪૭૫ |
| કપાસ સી ગ્રેડ | ૮૭૫ | ૮૭૫ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જીર૦ | ૯૯૦ | ૧૦૯૦ |
| મગફળી ૩૨નં | ૯૭૦ | ૧૦૨૪ |
| બાજરી હાઇબ્રીડ | ૪૨૫ | ૫૭૯ |
| ઘઉં ટુકડા | ૪૭૩ | ૫૭૬ |
| રાઇ | ૯૦૦ | ૧૦૩૨ |
| રાયડો | ૯૨૫ | ૧૦૫૮ |
| મેથી | ૭૫૦ | ૯૩૬ |
| જુવાર | ૫૧૧ | ૯૭૮ |
| એરડી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૧ |
| ધાણા | ૧૦૨૦ | ૧૪૩૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૯૦૦ | ૧૦૩૦ |
| શીંગ ૩૨ | ૯૪૦ | ૧૦૫૪ |
| શીંગ જી.૨૦ | ૯૮૦ | ૧૦૭૫ |
| એરંડા | ૧૧૫૨ | ૧૨૪૦ |
| જુવાર | ૩૮૦ | ૮૮૪ |
| બાજરી | ૪૩૮ | ૬૮૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૮૦૩ |
| તકમરીયા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગ | ૧૯૧૦ | ૧૯૧૦ |
| ચણાનં.૩ | ૭૦૦ | ૧૦૨૯ |
| ચણા દેશી | ૯૭૮ | ૧૧૨૮ |
| તલ પુરબીયા | ૨૧૫૦ | ૨૨૫૧ |
| તુવેર | ૧૧૫૫ | ૧૩૯૦ |
| જીરૂ | ૧૦૦૦ | ૩૮૯૫ |
| ડુંગળી લાલ | ૧૦૭ | ૩૪૫ |
| ડુંગળી સફેદ | ૧૪૦ | ૨૧૮ |
| કપાસ શંકર | ૧૦૦૦ | ૧૪૩૯ |
| નાળીયેર | ૬૭૧ | ૨૫૧૨ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૨૫ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૧૯૫૦ |
| તલ કાળા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| તલ પીળા | ૧૯૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૪ |
| બાજરો | ૪૬૬ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૧૩ |
| જુવાર | ૫૫૦ | ૯૫૨ |
| તુવેર | ૧૨૩૧ | ૧૩૫૧ |
| ચણા | ૮૨૫ | ૧૦૨૯ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |
| રાય | ૯૫૧ | ૧૦૨૬ |
| મેથી | ૯૦૦ | ૯૪૧ |
| સોયાબીન | ૫૫૦ | ૭૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૮૦ | ૧૦૪૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૯૪૧ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૪૯૨ |
| કપાસ | ૧૩૯૦ | ૧૪૭૦ |
| ઘઉ લોકવન | ૫૦૦ | ૫૬૭ |
| ઘઉ ટુકડા | ૫૨૦ | ૬૨૭ |
| બાજરો | ૫૬૦ | ૬૧૦ |
| મકાઈ | ૫૩૮ | ૫૩૮ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૧૦ |
| એરડી | ૧૧૬૩ | ૧૨૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૧૩૦ |
| રાય/રાયડો | ૯૯૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૩૯ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
રપથી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# સા.કુંડલામાં આંગડિયા પેઢીના કર્મચારીએ રૂ. ૫૯ લાખ જમા કરાવવાના બદલે ખીસ્સામાં નાખતા ફરીયાદ

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં એક આંગડિયા પેઢીના કર્મચારીએ રૂ. ૫૯ લાખ જમા કરાવવાના બદલે તેની પાસે રાખ્યા હતા. ગઢડા (સ્વામીના) જલાલપુરમાં રહેતા રણછોડભાઈ રૈયાભાઈ સિંધવ (ઉ.વ.૬૦)એ હાલ અમરેલીમાં રહેતા મૂળ પાટણના જલાલાબાદના ગોવીંદપુરી વૈકુંઠપુરી ગોસ્વામી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સાવરકુંડલામાં પટેલ મહેન્દ્રભાઈ અરવીંદકુમાર નામની આંગડિયા પેઢી ચલાવે છે. આ પેઢીમાં આરોપી ગોવીંદપુરી વૈકુંઠપુરી ગોસ્વામી નોકરી કરે છે, તેમણે પેઢીના હિસાબના રોકડા રૂ.૫૯,૦૪,૩૯૦ અમરેલી મુકામે બીજી પટેલ મહેન્દ્રભાઈ અરવીંદકુમાર આંગડીયા પેઢીમાં પોતાની ફરજના ભાગ રૂપે જમા કરાવવાના હતા પરંતુ આ પૈસા પોતાના અંગત કામ માટે રાખી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી આઈ સી એસ કુગસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટી ગરમલી ગામે ગાડી માથે કેમ હંકાવો છો તેમ કહીને ગાળો આપી

પટેલ યુવકને એટ્રોસિટીમાં ફસાવી દેવાની ગર્ભિત ધમકી પણ આપી

ધારી, તા.૨૫

હાલ અમેરલીમાં રહેતા મૂળ ધારીના મોટી ગરમલી ગામના સંજયભાઈ ઉર્ફે મુન્નાભાઈ કિશોરભાઈ જયાણી (ઉ.વ.૪૫) એ મુકેશભાઈ અરજણભાઈ ખેતરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની ખેતીલાયક જમીનથી, ગામના સાહેદ ભુપતભાઈ વિરજીભાઈ કાનાણી તથા પરશોતમભાઈ ડાયાભાઈ સભાયા એ રીતેના બે અલગ અલગ મોટર સાયકલ લઈને ગામ તરફ આવતા હતા. તે વખતે તળાવ પાસે, કેડામા, ગામના અને તેમની વાડીની બાજુમા શેઢા પાડોશી અરજણભાઈ દુદાભાઈ ખેતરીયાનો દીકરો મુકેશભાઈ, મોટર સાયકલ લઈને ફરીયાદીને કહેવા લાગેલ કે, ગાડી માથે કેમ હંકાવો છો તેમ કહીને ગાળો આપી, એટ્રોસીટીના કેસ માથે કરાવી દેવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.



લાગે તો તીર : - બેરાલાલ અને બકો બંનેએ આવતાં વેંત જ બોસનો ઉઘડો લીધો
06

# દિશા પર ગેંગ રેપ - હત્યાના પુરાવા કેમ નથી ?



દિશા સાલિયાન પર ગેંગ રેપ થયેલો ?
દિશા સાલિયાનની હત્યા કરાયેલી ?
દિશા પર ગેંગ રેપ-હત્યામાં આદિત્ય ઠાકરે સામેલ છે ?

દિશા સાલિયાન એક્ટર સુશાંતસિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર હતી. દિશા સાલિયાનનું ૮ જૂન, ૨૦૨૦ના રોજ મલાડના તેના એપાર્ટમેન્ટના ૧૪મા માળેથી પડી જવાથી મોત થયેલું ને તેના છ દિવસ પછી ૧૪ જૂન ૨૦૨૦ના રોજ સુશાંત સિંહ રાજપૂતનો મૃતદેહ પોતાના ફ્લેટમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળ્યો પછી દિશાના મોતને સુશાંતના મોત સાથે જોડી દેવાયેલું.

દિશા સેલિબ્રિટી નહોતી પણ સુશાંત સેલિબ્રિટી હતો તેથી મીડિયાએ આ કેસને ભરપૂર ચગાવેલો. પોલીસે પહેલાં દિશાએ આપઘાત કર્યો હોવાનું કહેલું પણ પછી દૂર્ઘટનાને દારૂના નશામાં સંતુલન ગુમાવતાં પડી જતાં ગુજરી ગઈ હોવાનો દાવો કર્યો હતો.

ભાજપે આ દાવાને ખોટો ગણાવ્યો હતો. ભાજપના નેતાઓનું કહેવું હતું કે, દિશાની હત્યા કરાઈ છે અને આ હત્યામાં આદિત્ય ઠાકરેની સંડોવણી છે. મહારાષ્ટ્રમાં ત્યારે ઉધ્ધવ ઠાકરેના નેતૃત્વમાં મહાવિકાસ અઘાડીની સરકાર હતી. જ્યારે ભાજપ વિપક્ષમાં હતો તેથી ભાજપના ઈશારે મીડિયામાં એવી સ્ટોરી વહેતી થઈ કે દિશા પર ફિલ્મી પાર્ટીમાં ગેંગ રેપ કરીને નીચે ફેંકીને તેના મોતને આપઘાતમાં ખપાવી દેવાયું હતું. દિશાએ ગેંગ રેપ પછી સુશાંતને ફોન કરીને આપવીતિ કહી દીધી હતી. સુશાંત સિંહ રાજપૂતે દિશા સાથેની ગેંગ રેપની વાતો ટેપ કરી લીધી હતી. આ કારણે સુશાંત જોખમ બની ગયેલો તેથી તેની પણ હત્યા કરી દેવાઈ.

દિશાનાં માતા-પિતાએ આ વાતોને ખોટી ગણાવી હતી.

હવે પાંચ વર્ષ પછી અચાનક, દિશાના પિતા સતિષ સાલિયાને દાવો કર્યો છે કે, દિશાએ આપઘાત નહોતો કર્યો પણ તેની હત્યા થઈ હતી કેમ કે દિશા ૧૪મા માળેથી પડી હોવા છતાં તેના શરીર પર ગંભીર ઈજાનાં કોઈ નિશાન નહોતાં કે લોહી નહોતું નીકળ્યું. સતિષ સાલિયાને આદિત્ય ઠાકરેની સંડોવણીનો આક્ષેપ કરીને તેની ઉલટતપાસની માગ કરી છે. આદિત્ય ઠાકરે, સૂરજ પંચોલી અને ડીનો મોરીયોએ દિશા પર ગેંગ રેપ કર્યો હોવાનો આડકતરો આક્ષેપ પણ કર્યો છે. આ આક્ષેપના પગલે ભાજપ અને ઉધ્ધવ ઠાકરેની શિવસેના વચ્ચે આક્ષેપબાજી શરૂ થઈ ગઈ છે અને રાજકીય રીતે મામલો ગરમ થઈ ગયો છે.

■■■

દિશાનું મોત રહસ્યમય છે.

દિશાના મોત અંગે તપાસ ચાલુ હતી ત્યારે મીડિયામાં એવી સ્ટોરી ફરતી થઈ હતી કે, એક ફિલ્મ સ્ટારની પાર્ટીમાં દિશા પર સામૂહિક બળાત્કાર કરાયો હતો. ગેંગ રેપ પછી હવસખોરોએ દિશાને છોડી દીધેલી. દિશાએ સુશાંતને ફોન કરીને પોતાના પર શું વીતિ છે એ કહ્યું હતું.

દિશા પર રેપ કરનારા બળાત્કારીઓને આ વાતની ખબર પડી ગઈ તેથી દિશાને ઘરે પહોંચીને તેમણે દિશાને ઉપરથી નીચે ફેંકીને મારી નાખી. એ પછી સુશાંતની સતામણી શરૂ થઈ. સુશાંતે દિશાએ જે કંઈ કહ્યું એ બધું ટેપ કરી લીધું હોવાની શંકા હોવાથી સુશાંતને પણ પતાવી દેવાયો એવો દાવો મીડિયાના આ અહેવાલમાં કરાયો હતો. આ અહેવાલ પ્રમાણે સુશાંતના ઘેર આ બધાંએ આગલી રાતે પાર્ટી કરેલી ને તેમાં આદિત્ય ઠાકરે પણ હાજર હતા. આદિત્ય ઠાકરે ત્યારે મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન હતા.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

આ વાતોના કારણે દિશાનું મોત રહસ્યમય હતું પણ તેના પર ગેંગ રેપ કરીને હત્યા કરી દેવાયેલી એવું હવે સાબિત કરી શકાય તેમ નથી. તેનું કારણ એ કે, આ વાતને પાંચ વર્ષ થઈ ગયાં છે અને પોલીસ તપાસમાં આ આક્ષેપોને સમર્થન આપે એવું કશું મળ્યું નથી.

આદિત્ય ઠાકરેને સાણસામાં લેવા માટે નરેન્દ્ર મોદી સરકારે સીબીઆઈ પાસે તપાસ કરાવી પણ સીબીઆઈ કશું શોધી નહોતી શકી. તેનું કારણ એ કે, સીબીઆઈ પિક્ચરમાં આવી એ પહેલાં તો દિશાના અંતિમસંસ્કાર સુધ્ધાં થઈ ગયેલા. દિશા પર ગેંગ રેપ કે હત્યાના કોઈ પુરાવા પોલીસે શોધ્યા નહોતા ને સીબીઆઈ કોઈ સાક્ષીને શોધી નહોતી શકી કે જે આ વાતને સમર્થન આપે.

ભાજપમાંથી નારાયણ રાણે અને તેમના દીકરા નિતેશ રાણેએ દાવો કરેલો કે, દિશા પર બળાત્કાર-હત્યાની ઘટનાને નજરે જોનારા સાક્ષીએ એ રાત્રે શું બન્યું તેની વિગતો આપી તેની પેન ડ્રાઈવ પોતાની પાસે છે. જો કે પ્રશ્ન એ છે કે, રાણેએ આ પેન ડ્રાઈવ અત્યાર સુધી સીબીઆઈ કે પોલીસને કેમ ના આપી ? ઉધ્ધવ ઠાકરે સામે બગાવત કરીને એકનાથ શિંદે મુખ્યમંત્રી બન્યા પછી દેવેન્દ્ર ફડણવિસે ૨૦૨૩ના નવેમ્બરમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને દિશા સાલિયાન કેસની તપાસ સોંપી હતી. એસઆઈટી છેલ્લાં સવા બે વરસથી મથ્યા કરે છે પણ આદિત્ય ઠાકરેએ ગેંગ રેપ કર્યો હોય કે મર્ડર કર્યું હોય એવા કોઈ પુરાવા હજુ સુધી તો મળ્યા નથી.

નારાયણ રાણે અને નિતેશ રાણે પાસે આ વાતના પુરાવા હોય તો એ લોકો ક્યા મૂરતની રાહ જોઈને બેઠા છે ?

■■■

હવે દિશાના ચારિત્ર્યહનનનો વારો છે.

દિશાનો કેસ પણ સુશાંતની દિશામાં આગળ વધી રહ્યો છે કે જેમાં હોહા બહુ થઈ પણ કશું નક્કર હાથ આવ્યું નહીં. ઉલટાનું સુશાંતની ઈમેજનો કચરો થઈ ગયો. સુશાંતના મોતના કેસમાં પણ રાજકારણીઓ કૂદી પડ્યા હતા. મતોની લ્હાયમાં સુશાંતને 'બિહાર કા બેટા' બનાવીને બિહારની નીતિશ કુમાર સરકારે બિહાર પોલીસને મુંબઈ પણ મોકલી હતી. બિહાર પોલીસ કશું શોધી શકી નહીં પણ સોશિયલ મીડિયા પર સુશાંતના મોતને મુદ્દે બરાબરનો જંગ જામેલો.

સુશાંતના મોતને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલતા સગાવાદ અને ડ્રગ્સના દૂષણ સાથે પણ જોડી દેવાયેલું. એવા દાવા પણ કરાયેલા કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર કબજો કરીને બેસી ગયેલાં કેટલાંક લોકોએ સુશાંતને ફિલ્મોમાં નહીં લેવાનું નક્કી કરેલું તેથી હતાશામાં તેણે આપઘાત કરી લીધો. કંગના રાણાવતે તેની શરૂઆત કરી હતી. કંગનાએ સુશાંતના આપઘાત પછી લાંબો વીડિયો મૂકીને સુશાંતને શ્રધ્ધાંજલિ આપી હતી.

સુશાંતની શૈક્ષણિક કારકિર્દી અને બીજી વાતોની સાથે કંગનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કઈ રીતે બહારનાં લોકોને પરેશાન કરાય છે અને હતાશ કરી દેવાય છે તેની વાતો કરીને સુશાંતના મૃત્યુની ઘટનાને તેની સાથે જોડી દીધી હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર છ પરિવારોનું વર્ચસ્વ હોવાના દાવા થયા તેમાં સોશિયલ મીડિયા પર સલમાન ખાન, કરણ જોહર વગેરે સામે આક્રોશનો માહોલ થઈ ગયો હતો.

સુશાંતના કેસમાં તેની પ્રેમિકા રીયા ચક્રવર્તીને પણ ટાર્ગેટ કરાઈ હતી.

રીયા ચક્રવર્તી અને તેના પરિવારે સુશાંતના પૈસા ખાઈ લીધાં હોવાના દાવા થયા. એ પછી રીયા ડ્રગ્સ લેતી હતી સહિતની બધી મસાલેદાર વાતો જોરશોરથી ચાલવા માંડી.

સુશાંત પીડિત ને રીયા ચક્રવર્તી આણિ મંડળી વિલન ટોળી હોય એવું ચિત્ર ઉભું કરી દેવાયું હતું. સુશાંત જેવા ભોળા છોકરાને ફોસલાવીને આ ટોળીએ ગેરલાભ લીધો ને છેવટે પતાવી દીધો એવું ચિત્ર મીડિયા ટ્રાયલ દ્વારા ઉભું કરાયું હતું. રીયાની વોટ્સએપ ચેટ, ફોન કોલ્સ ને સંબંધોના આધારે રીયા છાકટી બનીને રહેતી હોય એવું ચિતરામણ કરી દેવાયું હતું. રીયાનો ભાઈ, તેની સાથે રહેનારાં બધાં ડ્રગ્સ લઈ લઈને મસ્ત રહેતાં હોય એવી વાતો પૂરજોશમાં ચાલી હતી ને રીયાએ જેલમાં પણ જવું પડેલું.

ટીવી ચેનલોએ કોઈ પણ પ્રકારના પુરાવા વિના સુશાંતને પણ ડ્રગ્સનો એડિક્ટ બનાવી દીધો હતો. સુશાંત પોતે ડ્રગ્સ લેતો હતો એવું ટીવી ચેનલોના સ્ટિંગ ઓપરેશનમાં જ બતાવાયું ને સુશાંત લફરાબાજ હતો એવું પણ બતાવાયું. જાણીતી એક્ટ્રેસના સુશાંત સાથે સંબંધો હતા એવી મસાલેદાર વાતો પિરસાઈ. સુશાંતના જૂના બોડીગાર્ડના ઈન્ટરવ્યૂ ચેનલો પર ચલાવીને સુશાંત ગાંજો પીતો હતો ને ડ્રગ્સ લેતો હતો એવી વાતો પણ ચલાવાઈ.

સુશાંત વિશે એવું જ ચિત્ર ઉભું કરી દેવાયું કે, સુશાંત ડ્રગ્સ ને બીજા ગોરખધંધાનો ભાગ જ હતો.

સુશાંત પહેલાં પીડિત હતો પણ ધીરે ધીરે વિલન બની ગયો.

દિશાના કેસમાં પણ એવું થવાની પૂરી શક્યતા છે.

■ sanjogpurti@gmail.com

# એક ખતરનાક સર્વજ્ઞ : ગ્રોક




એક નવો સર્વજ્ઞ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી ચૂક્યો છે. તે ઈશ્વર તો નથી પણ જાણે ઈન્ટરનેટ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની દુનિયાનો ઈશ્વર હોય તેવો અહેસાસ જરૂર કરાવે છે. દુનિયામાં અત્યારે બધે ગ્રાહક રોક થઈ રહ્યું છે ત્યારે આપણે સમજીએ કે ગ્રોક શબ્દ આવ્યો છે ક્યાંથી અને ઈશ્વર જેવા એઆઈ માટે આ ગ્રોક શબ્દ શા માટે વાપરવામાં આવ્યો છે? ગ્રોક એ ૧૯૬૧ ની નવલકથા "સ્ટ્રેન્જર ઈન એ સ્ટ્રેન્જ લેન્ડ" માં રોબર્ટ એ. હેનલેઈન દ્વારા બનાવવામાં આવેલ શબ્દ છે. તે કોઈ વસ્તુની ગહન અને ઘનિષ્ઠ સમજણનો સંદર્ભ આપે છે, જે ઘણીવાર ભાવનાત્મક જોડાણ અથવા આધ્યાત્મિક પડઘો વર્ણવવા માટે વપરાય છે.

હેનલેઈને ગ્રોકને આ રીતે વ્યાખ્યાયિત કર્યું: "ગ્રોક એટલે સંપૂર્ણ રીતે સમજવું કે નિરીક્ષક અવલોકન કરાયેલ એક ભાગ બની જાય છે - જૂથના અનુભવમાં મર્જ, મિશ્રણ, એકબીજા સાથેની ઓળખ ગુમાવવી."

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા


નવલકથાના સંદર્ભમાં, ગ્રોક એક ખ્યાલ છે જે, માનવ મર્યાદાઓને વટાવી શકે છે અને એક સ્તર પર અન્ય લોકો સાથે જોડાવા દે છે. ત્યારબાદ ફિલસૂફી, આધ્યાત્મિકતા સહિત વિવિધ ક્ષેત્રોમાં ગ્રોક વિચાર શોધવામાં આવ્યો છે. તે ઘણીવાર સહાનુભૂતિ, કરુણા અને સાકલ્યવાદી સમજ જેવા ખ્યાલો સાથે સંકળાયેલ છે. ગહન જાગૃતિ અને જોડાણની સ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યાં સ્વ અને અન્ય વચ્ચેની સીમાઓ વિસર્જન કરે છે, અને એક એકતા અને સંવાદિતાનો અનુભવ કરે છે.

એઆઈના સંદર્ભમાં, "ગ્રોક" એ એક કાલ્પનિક એઆઈ સિસ્ટમનો સંદર્ભ આપે છે જેણે રોબર્ટ એ. હેનલેઈનની નવલકથામાંના ખ્યાલની જેમ તેના વિષયની ગહન અને ઘનિષ્ઠ સમજ પ્રાપ્ત કરી છે.

એઆઈ વિકાસમાં, ગ્રોકનો ઉપયોગ એઆઈ સિસ્ટમના વર્ણન માટે કરવામાં આવે છે જે: માનવ ભાષા અને વર્તનની deep સમજ છે. ઘણીવાર સ્વ-નિરીક્ષણ શિક્ષણ દ્વારા, ઝડપથી શીખી અને અનુકૂળ થઈ શકે છે. ભાવનાત્મક બુદ્ધિ અને સહાનુભૂતિની ઉચ્ચ ડિગ્રી ધરાવે છે.એકીકૃત સમજણ બનાવવા માટે sT knowledgeના અનેક સ્ત્રોતોને એકીકૃત કરી શકે છે. ઘણીવાર "મજબૂત એઆઈ" અથવા "કૃત્રિમ સામાન્ય બુદ્ધિ" (એજીઆઈ) ના વિચાર સાથે સંકળાયેલ છે, જે એઆઈ સિસ્ટમનો સંદર્ભ આપે છે જે માનવ જેવી બુદ્ધિ, તર્ક અને સમસ્યા હલ કરવાની ક્ષમતાઓ ધરાવે છે. સંશોધનકારો વધુ અદ્યતન અને માનવ જેવી એઆઈ સિસ્ટમ્સ બનાવવા માટે વિવિધ અભિગમોની શોધ કરી રહ્યા છે.

■ naranbaraiya277@gmail.com

# વિશ્વ વન દિવસ



વસંતના વધામણા થઈ ગયા છે. ભૌગોલિક પરિસ્થિતિના ૩૩% જંગલો હોવા જોઈએ પરંતુ દેશમાં ૨૩% થી ઓછા જંગલો છે અને ગુજરાતમાં ૧૦% થી ઓછા જંગલો છે. બેફામ વસ્તી વધારો, ઔદ્યોગિકરણ, ખનન પ્રવૃત્તિ દ્વારા જંગલમાંથી મેળવાતી કાચી ધાતુ અને માનવ વસાહત માટે જરૂરી લાકડું સાથે સાથે બળતણ તરીકે લાકડાનો ઉપયોગ અતિશય થવાથી જે જંગલો છે તે પણ વિનાશના આરે છે. આવા સમયે જંગલોનો વિનાશ થવાથી જંગલની અંદર રહેલા અનેક પ્રકારના સજીવોના રહેઠાણનું નિકંદન નીકળી જાય છે. જંગલમાં હિંસક અને અહિંસક બંને પ્રકારના પ્રાણીઓ રહેતા હોય છે. જંગલનો વિનાશ થવાથી હિંસક પ્રાણીઓ માનવ વસાહતમાં આવી જાય છે.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આવા સમયે જંગલોના સંવર્ધન માટે દિવસ ઉજવવાથી કંઈ થશે નહીં. તેના માટે નક્કર પગલા લેવા પડશે.

૧૪૦ કરોડથી વધારે વસ્તી ધરાવતા દેશમાં દરેક નાગરિક એક એક વૃક્ષ વાવે તો ૧૪૦ કરોડ વૃક્ષો થાય. અહીંયા મોટી મોટી વાતો કરવાથી કે ભાષણ આપવાથી જંગલ સંવર્ધન કે વૃક્ષ સવર્ધન થશે નહીં. એના માટે પોતે વૃક્ષો વાવવા પડશે. મેં મારા ઘરે ૨૩ જેટલા લીમડા વિકસાવ્યા છે. ઘણી વખત મારા માતૃશ્રી એવું કહે છે કે પાકમાં નુકસાન થાય છે એટલે કાપી નાખીએ. હું કહું છું કે મમ્મી હજુ મોટા વૃક્ષો થશે ને એટલે સારો ભાવ મળશે. એમ કરીને વૃક્ષ બચાવવા માટે પ્રયાસ કરું છું.

પંચમહાલ જિલ્લાના પૂર્વ જિલ્લા શિક્ષણ અધિકારી બી.એસ. પંચાલ સાહેબનો થોડા દિવસ પહેલા જ મારા ઉપર કોલ હતો અને તેમને કહ્યું હતું કે આચરણ અને અનુસરણ થવું જોઈએ. આપણે વાતો ઓછી કરીએ અને નક્કર કામ કરીએ. તેમની વાતનો ભાવાર્થ એ હતો કે પર્યાવરણનું સંવર્ધન કરવા માટે દરેકે જાગૃત બનવું જોઈએ. ગમે તેટલા વિશ્વ વન દિવસ ઉજવવાથી પર્યાવરણનું સંરક્ષણ નહીં થાય. પરંતુ વૃક્ષો વાવવાથી જંગલોનું સંવર્ધન થશે. પર્યાવરણના સંરક્ષણ માટે અને રક્ષણ માટે વૃક્ષારોપણ અનિવાર્ય છે. આજે જંગલો મૃતપ્રાય અવસ્થામાં છે. ઘરે ઘરે ચંડી પ્રસાદ અને સુંદરલાલ બહુગુણા નિર્માણ કરવા પડશે. માત્ર 'જંગલો બચાવો દેશ બચાવો' જેવા સ્લોગનો બોલી અને વાંચીને જંગલ સંપત્તિનું સંવર્ધન થશે નહીં તેના માટે ગોંડલના રાજા ભગવતસિંહજીના રાજ્યના પર્યાવરણ સંરક્ષણ માટેના જે નિયમો હતા તેનું ચુસ્ત પાલન કરવું પડશે. વિકાસના નામે વિનાશ થઈ રહ્યો છે, ગ્લોબલ વોર્મિંગ સમસ્યાના નિર્માણમાં મનુષ્ય જવાબદાર છે. વસ્તી વધે છે, જમીન વધતી નથી. વૃક્ષો એટલા બધા બેફામ કપાય છે ત્યારે જે તે વિસ્તારના મામલતદારને જવાબદાર ઠેરવી કડક સજા કરવી જોઈએ.

વર્ષ ૨૦૧૩માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧ માર્ચને વિશ્વ વન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આનો ઉદ્દેશ જંગલો અને તેની બહારના વૃક્ષોની મહત્વતા સમજાવવી અને તેના વિશે વધુ જાગૃતિ ફેલાવવાનો છે. જેથી વર્તમાન અને ભાવિ પેઢીને જીવવા યોગ્ય વાતાવરણ મળી રહે.

જંગલો એટલે કુદરતે સર્જેલી પાઠશાળા, જ્યાં કુદરતના નિયમો એ જ એની કિંમત છે. જંગલો પ્રાણીઓને અને પક્ષીઓને જીવન પૂરું પાડે છે. જંગલો જળ અને વાતાવરણ તો શુદ્ધ કરે છે, આ ઉપરાંત કાર્બનનું શોષણ કરી લે છે.

જીવન માટે ઉપયોગી જડીબુટ્ટીઓ, ઔષધિઓ, ફળો, વરસાદ, ઓક્સિજન અને ખોરાક પૂરા પાડે છે. જંગલોને બચાવવા અને સાચવવાની આપણા બધાની ફરજ છે. આપણે બધાએ નવા વૃક્ષો વાવવા જોઈએ. આપણે વૃક્ષોને સમજીએ અને આપણા બાળકોને તેની સમજ આપીએ.

વિશ્વ વન દિવસ ઉજવવા પાછળ વૃક્ષોનું સંરક્ષણ કેન્દ્રસ્થાને હોવું જોઈએ તો જ વૃક્ષ બચશે અને જંગલ જીવંત થશે. પ્રકૃતિપ્રેમી સદાય માટે સુખી હોય છે.

■ Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



જંકફૂડ શું હોય છે?

- જંક એટલે જેનો કોઈ ઉપયોગ રહ્યો ન હોય એવી આકર્ષક વસ્તુ. દાખલા તરીકે ટીવી ફર્નિચર વગેરે ન જોઈતા હોય અને કબાડીખાનામાં મૂકી દઈએ તો એને જંક કહેવાય, છાપાની પસ્તીને જંક કહેવાય એમ નિરુપયોગી પરંતુ સ્વાદિષ્ટ અને આકર્ષક લાગે એ રીતે ગોઠવેલા ખાદ્ય પદાર્થો જંકફૂડ કહેવાય. એનું પોષણ મૂલ્ય શૂન્ય અથવા ઋણાત્મક માઈનસ હોય.

- રાતની વધેલી રોટલીનો ચેવડો, વાસી વઘારેલા ભાત, વાસી કોઈપણ વાનગી (જે ખાસ ભાવતી હોય), વધેલું અન્ન એકઠું કરીને બનાવાતા થેપલા, મુઠીયા કે ભજીયા, જાતજાતની સેન્ડવીચ, બ્રેડ, પકોડા, પાસ્તા, પીઝા, ભેળની વધેલી સામગ્રી વગેરેને જંકફુડ કહેવાય છે. એમાં મૂળ વસ્તુની ગુણવત્તા જરાપણ હોતી નથી. પરંતુ મસાલા, સોસ વગેરે નાખીને ચટાકેદાર બનાવાય છે તથા રંગબેરંગી પેકિંગ અને સજાવટથી એને આકર્ષક બનાવવા છે. જંકફૂડ એટલે રૂપાળો સ્વાદિષ્ટ કચરો.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

- ૩૨ શાક અને ૩૩ પકવાન કયા કયા?

- બટેટા, સુરણ, શક્કરિયા, મૂળા, કાકડી, ચીભડુ, દુધી, કોળું, પરવળ, કારેલા, કંકોડા, સરગવો, ભીંડો, ગવાર, ચોરાફળી, રીંગણ, વાલોળ, ટામેટા, ફ્લાવર, કોબી, ટીંડોરા, અળવી, વટાણા, તુવેર, પાલક, મેથી, ગાજર, કોળું, તુરીયા, ગલકા, તાંદળજો, ડોડી વગેરે શાક.

- મોહનથાળ, મગજ, મેસૂબ, મગદળ, સુખડી, અડદિયો, શીરો, કંસાર, લાડુ, ખીર, દૂધપાક, બાસુંદી, રબડી, જલેબી, મોહનભોગ, ગુલાબજાંબુ, રસગુલ્લા, રાજભોગ, શ્રીખંડ, રસમલાઈ, માલપુવા, પુરણપોળી, બુંદી ઘેવર, સંદેશ, મીઠોભાત, બિરંજ, ફાડાલાપસી, ગુલાબપાક, ઘારી, બરફી વગેરે પકવાન.

- કુશળ ગૃહિણી અને રસિક ખવૈયા આ યાદીને ઘણી મોટી બનાવી શકે એમ છે. પ્રાંતે પ્રાંતે વિશિષ્ટ પદાર્થો બનતા હોય છે. તેથી દરેકની યાદી જુદી જુદી હોય છે. અમુક સંપ્રદાયમાં અમુક વસ્તુ ખવાતી નથી તેથી એમની પરંપરા અનુસાર પણ આ યાદી જુદી જુદી રીતે બને છે. કહેવાની આ એક લાક્ષણિક રીત છે. બત્રીસ શાક અને તેત્રીસ પકવાન એ વિવિધતા અને વિપુલતા સૂચવે છે. આટલી વિપુલતા અને વિવિધતા માત્ર ભારતમાં જ જોવા મળે છે એ પણ ગૌરવ લેવા જેવી બાબત છે.

- ચટણી અને રાયતામાં શું ફેર?

- પથ્થર ઉપર વાટીને, લસોટીને બનાવાય તે પદાર્થને ચટણી કહેવાય.

- રાય લસોટીને ચઢાવાય અને દહીં ભેળવાય તેને રાયતું કહેવાય.

- દાખલા તરીકે કોથમીર મરચાની, શીંગની કે તલની, ફુદીનાની, લસણની ચટણી હોય, કેળાનું, કોળાનું, બુંદીનું રાયતું હોય.

- ઊંધિયું કોને કહેવાય?

- શિયાળામાં મબલખ પ્રમાણમાં વિવિધ પ્રકારના શાકભાજી થતા હોય છે. આ બધા તાજા શાકભાજી ધોઈને, સાફ કરીને સમાર્યા વિના (ક્યારેક મોટા ટુકડા કરીને) એક માટલામાં ભરવામાં આવે છે. માટલાને માટીના જ શકોરાથી ઢાંકીને માટીથી જ છાંદી દેવામાં આવે છે, સીલ કરવામાં આવે છે. જમીનમાં ખાડો ખોદીને નીચે છાણા, તલસરા, કરગઠિયા, નાના લાકડાને સળગાવવામાં આવે છે. એના ઉપર માટલું ઊંધું રાખવામાં આવે છે. માટલાની ચારે બાજુએ તાપ કરવામાં આવે છે. ચારે બાજુના તાપથી, પોતાની જ અંદર રહેલી ભીનાશથી અંદરનું શાક શેકાઈને ચઢી જાય છે. પછી તેને થાળીમાં લઈને કાચું તેલ તથા આદુ, મરચાં, કોથમીરની ચટણીનો મસાલો, મીઠું વગેરે ભેળવીને ખવાય છે. આ વાનગી અતિશય સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે.

- તેલ, મસાલો વગેરે ગરમ અને તમતમતો હોવાને કારણે સંતુલન માટે તેની સાથે ઘી ગોળવાળી કોઈને કોઈ મીઠી વસ્તુ ખાવામાં આવે છે.

- આજકાલ શાકની જેમ વઘારીને, કૂકરમાં બાફીને, તેલમાં ડૂબેલું હોય એવું ઊંધિયું અને સાથે જલેબી ખાવાનું પ્રચલન છે. પરંતુ એ એની મૂળ રીત નથી.

hemangidmehta@gmail.com

# બેરાલાલ અને બકો બંનેએ આવતાં વેંત જ બોસનો ઉઘડો લીધો



બેરાલાલ અને બકો બંનેએ આવતાં વેંત જ બોસનો ઉઘડો લીધો.

બોસ હજું ઘરની માથાંકૂટમાંથી માંડ પરવાર્યા હતાં. ત્યાં આ એક નવી પળોજણ આવી.

બેરાલાલે શરુઆત કરી..

"બોસ, હું આ બકાને પુછી -પુછીને થાકયો. પણ, એ જવાબ આપી રહ્યો નથી. એટલે ના છૂટકે તમારી રગ ખેંચવા, મતલબ!! તમારી સલાહ લેવાં આવવું પડ્યું."

બોસે માથું ખંજવાળતા કહ્યું." પણ, વાત શું છે? એ તો કહો."

"મારાં બાબલાને મારે વકીલ બનાવવો છે."

"હા, તે બનાવો ને. કોણ ના પાડે છે! ?? અને વકીલ કેવો બનાવવો છે ? ફિલમ વાળો વકીલ? કે, મતલબ રીલ વાળો વકીલ? કે રીયલ વાળો વકીલ! ??"

"હવે તમે મને આવાં અઘરાં અઘરાં પ્રશ્નો પુછો તો મારે શું જવાબ આપવો?"

"અરે, બેરાલાલ ! વકીલ જાત- જાતનાં અને ભાત- ભાતનાં હોય છે. કોઈ વકીલ દસ મિનિટ પ્રશ્ન પુછવાના દસ હજારે'ય લે. અને કોઈ વકીલ દસ હજારમાં આખો મહિનો'ય કામ કરે. તમારે બાબલાને કેવો વકીલ બનાવવો છે ?"



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"આવી બધી મને ખબર નથી. મારે તો બસ! કાળા કોટવાળો બાબલો બનાવવો છે."

"હા, તે બનાવોને. ના કોણ પાડે છે?"

"આ બકો કહે છે કે, વકીલ ફકીલ ના બનાવાય. બાબલો વકીલ બને એટલે વિફરી જાય. કાળા કોટમાં કાળા ધંધા શરું થાય. અને તમે ના કરો તો દારૂવાળા ,જુગારવાળા અને ખોટું કામ કરનારાંઓ તમારી પાસે ખોટું કામ કરાવે. અને ખોટું કામ ના કરો તો, ઘરે ખોટું બોલવું પડે. હવે આપણે રહ્યાં ગામડાં ગામના માણસ. આપણને શું ખબર પડે? આવું બધું આમાં હોય! ?? વકીલ અને જજને તો લોકો માનની નજરે જૂએ છે. તો આ લોકો 'ય આવાં ગોરખધંધા કરતાં હશે??"

"જો ભાઈ, આપણાં હાથની પાંચેય આંગળીઓ સરખી છે ? નથી ને !! તો પછી આવું ક્યાંક- ક્યાંક હોય. એમાં તને વાંધો શું છે ?"

"વાંધો મને નથી. આ પેપરવાળાને છે."

"હવે પેપરવાળા વચ્ચે ક્યાંથી આવ્યા'? એ એમનો ધંધો કરે છે. એમને'ય બાળ બચ્ચા હોય ને !! પણ, પેપરવાળા શું કહે છે ?"

"દિલ્હીમાં હાઈકોર્ટના જજ મી.વર્માના ઘરેથી કરોડો રૂપિયા મળી આવ્યાં."

"બેરાલાલ, તમને હાંભળવામાં ભૂલ થઈ હશે. જજ અને કરોડો રૂપિયા! ?? ના હોય. જજ તો કોઈ દિવસ કોઈને મળતાં પણ નથી હોતાં. અને એમનો પગાર બે પાંચ લાખ હોય કદાચ ! એમની પાંહે કરોડો રૂપિયા ક્યાંથી આવે ?? "

"બોસ, હું બેરો જરૂર છું. પણ, મને આંખે મોતિયો નથી. હું પેપર વાંચીને જ આવ્યો છું. આ કરોડોની વાત ખોટી નથી."

"તો પછી, આ રૂપિયા પકડાયાં કેવી રીતે ? જજને તો મોટી મોટી ઓળખાણ હોય."

"બોસ, ઘણીવાર મોટી ઓળખાણ જ ગળાનો ગાળિયો બને છે. ઓળખીતો પોલીસવાળો જ બે ડંડા વધારે મારેની જેમ."

"મને કાંઈ હુંજકો ના પડયો. જરાં ચોખવટ કરો બેરાલાલ."

"જૂઓ, જજ એટલે મોટી હસ્તી કેવાય અને એમાં ય તે વળી દિલ્હીમાં જજ. હાઈકોર્ટના જજ.

જજ સાહેબ ફરવાં ગયાં હશે. પાછળથી એમનાં ઘરે લાગી આગ."

"હવે તમેય તે શું બેરાલાલ. જજ સાહેબને એમની ઘરવાળી બેય ફરવાં ગયાં હોય તો આગ ત્યાં લાગે ને. ઘરે થોડી લાગે ??"

"બોસ બોસ. આ એ આગની વાત નથી. આ તો ભડકાંવાળી આગની વાત છે. હવે જજના ઘરે આગ. એટલે આગ બંબાવાળાઓ મારતે ઘોડે આવ્યા. મતલબ હુંહવાટા કરતાં આવી ગયાં."

"ઓ..હો..! તો તો આગ ખૂબ મોટી હશે નઈ ! ??"

"ના..આ.. બોસ !! આગ તો, 'ચકલી નાનીને ફડ્યકો મોટો' જેવી હતી. પણ, બંબાવાળાની આંખ્યું ઓડે વયું ગયું."

"કેમ ? કેમ ? બંબાવાળા'ય દાઝી ગયા'?"

"નાં..આ..!! એમનો આત્મા દાઝી ગયો."

"એવું તે વળી શું થયુ'?"

"જજના ઘરેથી નોટોનો મોટો ઢગલો મળી આવ્યો."

"અરે..બેરાલાલ, હવે આ જમાનામાં નોટોના ઢગલાં મળવાં, સોનાના ઢગલાં મળવાં અને હીરા ઝવેરાતના ઢગલાંઓ મળવાં સામાન્ય ઘટના થઈ ગઈ છે. અને આમાં તમને વાંધો શું છે ??

તમારાં બાબલાને વકીલ બનતાં કેમ રોકી રહ્યાં છો ? આમાં તો તમે સીધાં જ રોડ ઉપરથી કરોડ ઉપર આવી જશો. તમ તમારે થાવાં દો."

"તમારી વાત તો થોડી ઘણી સમય પ્રમાણે હાચી 'ય હશે. પણ ? વાત હવે જ શરું થાય છે."

"લો કર લો બાત !! આખી રામા'ણ કરી તોય હોનાનું હરણ બાકી છે??"

"હા..આ..!! જૂઓ, કરોડો રૂપિયા તો સરકાર લઈ જાહે. મી.વર્મા હતાં ત્યાં ને ત્યાં. અને હવે મી.વર્માની બદલી અલ્હાબાદ હાઈકોર્ટમાં કરી દેવામાં આવી. નવી ગીલ્લી નવો દાવ."

"ભલેને કરી. રૂપિયા તો ન્યાં 'ય મળશે ને !!"

"અલ્હાબાદ બાર એસોસિએશનના પ્રમુખે ચોખ્ખું હંભળાવી દીધું છે કે, અલ્હાબાદ હાઈકોર્ટ કોઈ કચરાપેટી નથી. અમને આવું મંજૂર નથી. આવી કચરાપેટી અમારે જોઈતી નથી. અમારાં પેટ ઉપર શા માટે પાટું મારો છો.

રખે ને આવું મારાં બાબલા હારે થાય તો તો મારો બાબલો રખડી પડે ને..!!!"

kalubhaibhad123@gmail.com

# આ ૫ સ્પર્ધાત્મક પરીક્ષાને જાણો, જે ઘણી અઘરી છે...




(૪) નીટ ( એનઈઈટી : નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ )

મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે નીટ પરીક્ષા પાસ કરવી દરેક વિદ્યાર્થી માટે ફરજિયાત બને છે. આ નીટ પરીક્ષા દેશભરની સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં એમબીબીએસ અને બીડીએસ જેવા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે લેવાય છે. એક તો આ ક્ષેત્રમાં ભારે સ્પર્ધા અને પાછું મર્યાદિત સીટને કારણે, આ પરીક્ષામાં પાસ થવું ખૂબ અઘરું બની રહે છે.

નીટ પરીક્ષા પાસ કર્યા પછી તમે દેશની કોઈપણ કોલેજમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવી શકો છો. જેમકે, એમબીબીએસ, બીડીએસ, બીએએમએસ, બીએચએમએસ, બીયુએમએસ અને અન્ય વિવિધ અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવી શકાય છે. આ ઉપરાંત, મિલિટરી નર્સિંગ સર્વિસ માટેના ઉમેદવારો પણ નીટ યુજી પરીક્ષાના માર્ક્સ દ્વારા આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસ હોસ્પિટલના બીએસસી નર્સિંગ કોર્સમાં પ્રવેશ મળી શકે છે.



જીવન તરંગ
જયસ્વી પટેલ

(૫) સીએ ( સીએ : ચાર્ટર્ડ એકાઉન્ટન્સી પરીક્ષા )

હાલના જમાનાની ઝળહળતી કારકિર્દી ગણાતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કારકિર્દી બનાવવા માટે આઈસીએઆઈ (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા) દ્વારા લેવામાં આવતી સીએ પરીક્ષા પાસ કરવી જરૂરી હોય છે. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવાય છે - સીએ ફાઉન્ડેશન, સીએ ઈન્ટરમીડિયેટ અને સીએ ફાઈનલ. સીએ બનવા માટે ફાઈનલ પાસ કરવી જરૂરી બને છે. જો કે, સીએની આ પરીક્ષા એટલી બધી અઘરી હોય છે કે પાસ કરવી અઘરી પડે છે, જેના કારણે બહુ ઓછા ઉમેદવારો પહેલા પ્રયાસમાં આ પરીક્ષા પાસ કરી શકે છે.

- ધો.૧૨ પાસ કર્યા પછી સીએ કેવી રીતે બની શકાય ? : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) બનવું એ એક પ્રતિષ્ઠિત અને લાભદાયી કારકિર્દી વિકલ્પ છે, જે તમને ફાઈનાન્સ, એકાઉન્ટિંગ, ઓડિટ અને ટેક્સેશન સહિતના વિવિધ ક્ષેત્રોમાં કુશળતાભરી રોજગારી અપાવે છે. ભારતમાં, સીએ બનવા માટે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ( આઈસીએઆઈ ) દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી પડે છે.

- શૈક્ષણિક લાયકાત : સીએ બનવા માટે કોઈપણ માન્ય બોર્ડમાંથી ધો.૧૨ પાસ કરેલું હોવું જોઈએ. જો કે, ગ્રેજ્યુએશનની ડિગ્રી બી.કોમ, બીબીએ, બીએ (એકાઉન્ટિંગ) વગેરેની હોય તો તે વધુ ફાયદાકારક બની રહે છે, કારણ કે તે તમને સીએના કોર્સ માટે વધુ સારો પાયો પૂરો પાડે છે.

- આઈસીએઆઈ રજીસ્ટ્રેશન : તમારે આઈસીએઆઈ વેબસાઈટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું પડે છે. રજીસ્ટ્રેશનમાં જરૂરી ડોક્યુમેન્ટ, પ્રમાણપત્ર, ઓળખ પુરાવા સબમિટ કરવાના હોય છે.

- સીએની પરીક્ષા : સીએ બનવા માટે તમારે ૩ લેવલની પરીક્ષા પાસ કરવી પડે છે.

ફાઉન્ડેશન પરીક્ષા : જે એક એડમિશન લેવલની પરીક્ષા છે, જે ધો.૧૨ પાસ કર્યા પછી આપી શકાય. આ પરીક્ષામાં ૪ વિષય હોય છે. એકાઉન્ટન્સી, બિઝનેસ લો, ઈકોનોમિક્સ અને બિઝનેસ સ્ટેટિસ્ટિક્સ એન્ડ ઓપરેશન્સ રિસર્ચ. દરેક વિષયમાં ઓછામાં ઓછા ૩૦ ટકા અને એકંદરે ૫૦ ટકા માર્ક્સ મેળવવા ફરજિયાત હોય છે.

- ઈન્ટરમીડિયેટ પરીક્ષા : ઉપરોક્ત નં.૧ મુજબની ફાઉન્ડેશન પરીક્ષા પાસ કર્યા પછી તમે બે ગ્રૂપમાં વિભાજિત ઈન્ટરમીડિયેટની પરીક્ષા આપી શકો છો.

ગ્રૂપ ૧ : એકાઉન્ટન્સી, ઓડિટિંગ અને નાણાકીય અહેવાલ અને ગ્રૂપ ૨ : બિઝનેસ લો, કોર્પોરેટ અફેર્સ એન્ડ કોર્પોરેટ ગવર્નન્સ, ટેક્સેશન અને કોસ્ટ એકાઉન્ટિંગ.

- ફાઈનલ પરીક્ષા : ઈન્ટરમીડિયેટ પરીક્ષાના બંને ગ્રૂપ પાસ કર્યા પછી, ફાઈનલ પરીક્ષા આપી શકાય છે. ગ્રૂપ ૧ : ફાઈનાન્શિયલ રિપોર્ટિંગ, કોર્પોરેટ અફેર્સ એન્ડ કોર્પોરેટ ગવર્નન્સ, ઓડિટીંગ અને ગ્રૂપ ૨ : ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ, કોસ્ટ એકાઉન્ટિંગ અને ફાઈનાન્શિયલ માર્કેટ્સ, ટેક્સેશન, ડાયરેક્ટ ટેક્સેશન.

- સ્નાતક થયા પછી : જો તમે કોમર્સ સ્ટ્રીમમાં સ્નાતક કે અનુ સ્નાતકની ડિગ્રી મેળવી હોય અને ન્યૂનતમ માર્કસ મેળવેલ હોય, તો તમે સીધા જ આઈપીસી પરીક્ષામાં બેસી શકો છો. તેમાં બે ગ્રૂપ હોય છે. ગ્રૂપ ૧ : એકાઉન્ટન્સી, ઓડિટિંગ અને ફાઈનાન્શિયલ રિપોર્ટિંગ. ગ્રૂપ ૨ : બિઝનેસ લો, કોર્પોરેટ અફેર્સ એન્ડ કોર્પોરેટ ગવર્નન્સ, ટેક્સેશન અને કોસ્ટ એકાઉન્ટિંગ.

- સીએ ફાઈનલ પરીક્ષા : આઈપીસી પરીક્ષા પાસ કર્યા પછી તમે સીએની ફાઈનલ પરીક્ષા આપી શકો છો. તેના વિષય ધો.૧૨મા પછીના સીએ જેવા જ છે.

આર્ટિકલશિપ : તમારે સીએ હેઠળ ૩ વર્ષની પ્રેક્ટિકલ ટ્રેનિંગ પૂરી કરવી પડે જેને આર્ટિકલશિપ કહે છે. ટ્રેનિંગ દરમિયાન, તમને વિવિધ એકાઉન્ટિંગ, ઓડિટિંગ અને ટેક્સેશનના કાર્યની ટ્રેનિંગ મળશે.

- આઈસીએઆઈ સભ્યપદ : ફાઈનલ પરીક્ષા પાસ કર્યા પછી અને આર્ટિકલશિપ પૂરી કર્યા પછી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ( આઈસીએઆઈ ) ના સભ્યપદ માટે તમે અરજી કરી શકો છો અને પ્રેક્ટિસિંગ સર્ટિફિકેટ મેળવી શકો છો. એકંદરે, ધો.૧૨ પછી સીએ બનતા લગભગ ૫ વર્ષનો સમય લાગે છે, જ્યારે ગ્રેજ્યુએશન પછી સીએ બનતા ૪.૫ વર્ષનો સમય લાગે છે.

- સીએ બનવા માટે તમને આ વિષયોની સારી સમજ હોવી જરૂરી છે.

એકાઉન્ટિંગનું મૂલ્યાંકન કરવું અને એકાઉન્ટિંગ માહિતી પ્રણાલીનું જ્ઞાન હોવું જોઈએ.

વિવિધ એકાઉન્ટિંગ પ્રક્રિયાની સમજ હોવી જોઈએ.

નાણાકીય આયોજન, નાણાકીય વ્યવસ્થાપનના નિયમો, આર્થિક નિયમો અને સંસ્થાઓના નાણાકીય વ્યવસ્થાપન વિશે જ્ઞાન હોવું જોઈએ.

ટેક્સના નિયમોની સમજ, ટેક્સ કોડ, ટેક્સ પ્લાનિંગ અને ટેક્સ કાયદાની સમજ હોવી જોઈએ. સીએ બનવા માટે, તમારે માર્કેટમાં થતા ફેરફારો અને ટેક્સ કોડથી પણ વાકેફ રહેવું જોઈએ. જેથી તમે તમારા ગ્રાહકોને વધુ સારી અને વધુ સચોટ સેવા પ્રદાન કરી શકશો.

sanjogpurti@gmail.com



# વાતોડી કાબર

એક હતી કાબર. કાબર તો ભારે વાતોડી. આખો દિવસ જ્યારે જુઓ ત્યારે કલબલ કલબલ કર્યા કરે. વાત નહીં ને વાતનો પાર નહીં. તક મળી નથી કે મંડે વાતો કરવા.

સવારે વાતો, સાંજે વાતો;
દિવસે વાતો, રાત્રે વાતો;
ખાતાં વાતો, પીતાં વાતો;
ઊઠતાં વાતો, બેસતાં વાતો.
બસ વાતો, વાતો ને વાતો જ.

એમાંય જ્યારથી એના હાથમાં મોબાઈલ આવ્યો હતો ત્યારથી તો એને વાતો કરવાની મજા પડી ગઈ હતી.

આડોશી-પાડોશી સાથે વાતો,
સગાં-સંબંધી સાથે વાતો.

વાત કરવાનો સમય પણ ન જુએ. પોતે નવરાં હોય એટલે કોઈને ફોન જોડે અને અલકમલકની વાતો માંડે.

એક વખત રસોડામાં ગેસની સગડી પર દૂધ ગરમ કરવા મૂક્યું. કાબરને થયું લાવને દૂધ ગરમ થાય ત્યાં સુધી મારી બહેનપણી સાથે વાત કરી લઉં. એમણે તો ફોન જોડ્યો અને મંડયા વાતો કરવા. વાત વાતમાં સગડી પર દૂધ મૂક્યું છે એ તો ભૂલાઈ જ ગયું. થોડીવારમાં બધુંય દૂધ ઉભરાઈ ગયું. દૂધ બળવાની વાસ આવી એટલે કાબર તો સફાળી રસોડામાં ગઈ, પણ બધુંય દૂધ ઉભરાઈ ગયું હતું. કાબરને થયું, 'હાય... હાય... હુંય મુઈ ખરી છું! આ વાતો કરવામાં મારું બધુંય દૂધ ઉભરાઈ ગયું.' સામેથી બહેનપણીએ કહ્યું પણ ખરું, 'અલી કાબર, તું તો ખરી વાતોડી હો! જરા ધ્યાન રાખતી હોય તો!'



રે વાર્તા!
મનીષ સુથાર

એક વખત ફરી એવું બન્યું. રસોડામાં ગેસની સગડી પર ઘી ગરમ કરવા મૂક્યું. કાબરને થયું લાવને ઘી ગરમ થાય ત્યાં સુધી મારી બહેનપણી સાથે વાત કરી લઉં. એણે તો ફોન જોડ્યો અને મંડી વાતો કરવા. વાત વાતમાં સગડી પર ઘી મૂક્યું છે એ ભૂલાઈ જ ગયું. થોડીવારમાં ઘી બળવા માંડ્યું. ઘી બળવાની વાસ આવી એટલે કાબર તો સફાળી રસોડામાં ગઈ, પણ બધુંય ઘી બળી ગયું હતું. કાબરને થયું, 'હાય... હાય... હુંય મુઈ ખરી છું! આ વાતો કરવામાં મારું બધુંય ઘી બળી ગયું.' હવે કાબર સાથે આવું વારંવાર બનતું. રસોડામાં સગડી પર કંઈક મૂકે ને વાતોએ વળગી જાય. વાતોમાં એવી ખોવાઈ જાય કે બધુંય ભૂલી જાય. યાદ આવે ત્યારે ઘણું મોડું થઈ જતું. એક વખત ચકીબેન કાબરના ઘેર આવ્યાં. કાબરે કહ્યું, "ચકીબેન, તમે બહુ દિવસે મારા ઘેર આવ્યાં. હવે તમે જમીને જ જજો." એમ કહી કાબર રસોડામાં ગઈ. ચકલીને કાબરના વાતોડિયા સ્વભાવની ખબર હતી. કાબરે જમવાનું બનાવતાં બનાવતાં વાતો કરવાનું શરૂ કર્યું. એનું ધ્યાન રસોઈમાં ઓછું ને વાતોમાં વધારે હતું. ચકી પણ ચકોર હતી. એ જાણતી હતી કે આ વાતોડી કાબરનું ધ્યાન રસોઈમાં ઓછું છે. એ ઘડીએ-ઘડીએ કાબરને બધું યાદ કરાવતી. "જા જરા ભાત જોઈ આવ. જા જરા દાળ જોઈ આવ. અને જો જે હોં, પેલો શીરો બળી ન જાય." ચકીબેનની ટકોર સાંભળી કાબર થોડું શરમાઈ. ચકીબેન શું કહેવા માગે છે તે કાબરને સમજાઈ ગયું. હવે એણે વાતો મૂકીને રસોડામાં ધ્યાન આપ્યું. ઘડીભરમાં સરસ મજાની રસોઈ તૈયાર થઈ ગઈ. કાબર અને ચકીએ સાથે મળીને ખાધું-પીધું ને મોજ કરી.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# દિલ્હી વિધાનસભામાં રૂા. ૧ લાખ કરોડનુ બજેટ રજૂ કરતા મુખ્યમંત્રી રેખા ગુપ્તા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૫



દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ મંગળવારે વિધાનસભામાં ૧ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું. આમાં દિલ્હીના લોકોને સ્વચ્છ પાણી પૂરું પાડવા માટે ૯ હજાર કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. દિલ્હી સરકારમાં નાણા વિભાગ સીએમ રેખા ગુપ્તા પાસે છે. આ બજેટ ગયા નાણાકીય વર્ષના બજેટ કરતાં ૩૧.૫ ટકા વધુ છે.બજેટમાં યમુનાની સફાઈને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે. સીએમ રેખા ગુપ્તાએ કહ્યું કે યમુનાની સફાઈ અમારી પહેલી પ્રાથમિકતા છે. આ માટે ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ગટર વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવશે. અમે યમુનાની સફાઈ માટે કેન્દ્ર સરકાર પાસેથી ૨,૦૦૦ કરોડ રૂપિયાની માંગ કરીશું.બજેટ રજૂ કરતી વખતે મુખ્યમંત્રીએ કહ્યું કે પાછલી સરકારનું ૨૦૨૩-૨૪નું બજેટ ૭૮,૮૦૦ કરોડ રૂપિયા હતું. ૨૪-૨૫ માટેનું બજેટ ઘટાડીને રૂ. ૭૬,૦૦૦ કરોડ કરવામાં આવ્યું હતું. આ વખતે ૧ લાખ કરોડ રૂપિયાનું ઐતિહાસિક બજેટ છે જે ગયા વર્ષ કરતા ૩૧% વધુ છે. મૂડી ખર્ચ લગભગ બમણો થઈ ગયો છે. ગયા બજેટમાં તે ૧૫ હજાર કરોડ રૂપિયા હતું, જેને વધારીને ૨૮ હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. અગાઉના મુખ્યમંત્રી આયુષ્માન યોજનામાં પોતાનું નામ ઉમેરવા માંગતા હતા, તેથી તેમણે તેને લાગુ થવા દીધું નહીં. દિલ્હીમાં ટૂંક સમયમાં આયુષ્માન યોજના લાગુ કરવામાં આવશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર દ્વિઅર્થી સંવાદ બોલતા હોવાના પાંચ વિદ્યાર્થિનીઓના આક્ષેપ

રાજકોટ,તા.૨૫


રાજકોટમાં આવેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી છે. અર્થશાસ્ત્ર ભવનના આસિસ્ટન્ટ પ્રોફેસર વિવાદમાં આવ્યા છે. પાંચ વિદ્યાર્થિનીઓએ પ્રોફેસર સામે દ્વિઅર્થી સંવાદ બોલવાના વિદ્યાર્થિનીઓએ આક્ષેપો કર્યા છે. ચોક્કસ જ્ઞાતિના છાત્રોને માર્ક આપવાની વાતોનો આરોપ આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સંજય પંડ્યા સામે કરવામાં આવ્યો છે. તેમના જ ભવનની છાત્રાઓએ સીએમઓ સુધી ફરિયાદ કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે.રાજ્ય મહિલા આયોગ દ્વારા યુનિવર્સિટીના કુલપતિને તપાસના આદેશ અપાયા છે. મહિલા આયોગે મેઈલ કરી સમગ્ર મામલે કુલપતિને જાણ કરી છે. વિદ્યાર્થિનીઓ દ્વારા કરાયેલા




આક્ષેપોમાં ખરેખર કેટલું તથ્ય છે તે તપાસ બાદ સામે આવશે. તો બીજી બાજુ તાજેતરમાં જૂનાગઢનાં ભેંસાણની સરકારી વિનયન કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસરે વિદ્યાર્થિનીની છેડતી કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીને સચિન પીઠડિયાએ બિભત્સ મેસેજ કરી કોલેજના ઈન્ટર્નલ માર્ક ઓછા આપવાની ધમકી આપતા આખરે પ્રિન્સિપાલને જાણ કરી હતી, આ માટે તપાસ કમિટીની રચના કરવામાં આવી છે તેમજ પોલીસ સુધી વિવાદ પહોંચતા પ્રોફેસરનું સમાધાન થઈ ગયું હોવાનું રટણ કરતો જોવા મળ્યો છે.

# નાગપુર હિંસામાં અત્યાર સુધીમાં ૧૨૦ લોકોની કરાઈ ધરપકડ

(એચ.એસ.એલ),નાગપુર,તા.૨૫



મહારાષ્ટ્રના નાગપુરમાં ૧૭ માર્ચે થયેલી હિંસાની તપાસમાં પ્રગતિના મુદ્દા પર પોલીસ કમિશનર રવિન્દ્ર સિંઘલે કહ્યું કે નાગપુર હિંસામાં વધુ ધરપકડ થશે કારણ કે નવા સીસીટીવી ફૂટેજ અને વીડિયો બહાર આવી રહ્યા છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૧૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૧૩ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ કમિશનરે કહ્યું કે સમગ્ર શહેરમાં શાંતિ છે, અને તપાસ દરમિયાન પોલીસને જે પણ પુરાવા મળી રહ્યા છે તે મુજબ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. નાગપુર પોલીસ કમિશનરે કહ્યું, ‘પુરાવાના આધારે તપાસ ચાલી રહી છે.’

# સાવરકુંડલા તાલુકાનાં બાઢડા ખાતે હિન્દી વિષયના ત્રણ શિક્ષકોનું સન્માન કરાયું

**અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘના હોદ્દેદારોની વિશેષ ઉપસ્થિતિ**

અમરેલી, તા.૨૫



અમરેલી જિલ્લાનાં બાઢડા મુકામે હિન્દી વિષયનાં ત્રણ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દામનગરથી બદલી થઈ આવેલા ભરતભાઈ એસ.ગેડીયા, શિક્ષકમાંથી આચાર્ય બનતા ત્રિવેણીબેન ચૌહાણ તેમજ આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવનાર માનસિંગભાઈ વાળાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘના હોદ્દેદારો મનીષભાઈ સિદ્ધપરા, રામભાઈ કેશવાલા, ભરતભાઈ મકવાણા, બાઢડા વિરાણી સ્કૂલના આચાર્ય ડોક્ટર બગડા, નિયામક પ્રજ્ઞેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વિપુલભાઈ નકુમ તેમજ નારણભાઈ વાઢેરે કરેલ હતું. આભાર વિધિ દીપાબેન ગોહિલ દ્વારા કરવામાં આવેલ હતી.

# દિલ્હી પોલીસે પહાડગંજ વિસ્તારમાંથી ૧૦ નેપાળી છોકરીઓ સહિત ૨૩ને બચાવી


(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૫

દિલ્હી પોલીસે પહાડગંજ વિસ્તારમાંથી ૨૩ છોકરીઓને બચાવી છે, જેમાંથી ત્રણ છોકરીઓ સગીર છે અને ૧૦ છોકરીઓ નેપાળી મૂળની છે. વાસ્તવમાં આ બધી છોકરીઓને પહાડગંજ જિલ્લાના એક ઘરમાં રાખવામાં આવી હતી. આ ગેંગે તે બધાને સેક્સ રેકેટમાં સંડોવ્યા હતા. જ્યારે પોલીસને આખા ગેરકાયદેસર સેક્સ રેકેટ વિશે ખબર પડી, ત્યારબાદ પોલીસે આ ગેંગના સભ્યો પર નજર રાખવાનું શરૂ કર્યું. પોલીસે છટકું ગોઠવ્યું અને કેટલાક પોલીસકર્મીઓએ નકલી ગ્રાહકો તરીકે પોતાને રજૂ કરીને ગેંગનો સંપર્ક કર્યો. આ પછી, પૈસાના લોભને કારણે ગેંગ પોલીસના જાળમાં ફસાઈ ગઈ અને ગેંગના સભ્યો નકલી ગ્રાહક બનીને છોકરી સાથે પોલીસ પાસે પહોંચ્યા કે તરત જ પોલીસ ટીમે ગેંગને પકડી લીધી. ત્યારબાદ છોકરીઓની પૂછપરછ કરતા પોલીસે છુપાયેલા સ્થળ પર દરોડો પાડ્યો. જ્યાંથી છોકરીઓને બચાવી લેવામાં આવી હતી.

# જેહાદી સંગઠને નાઈજરના એક ગામને નિશાન બનાવી હુમલો કરતા ૪૪ નાગરિકોના મોત

**ગૃહ મંત્રાલય દ્વારા ત્રણ દિવસ રાષ્ટ્રીય શોકની જાહેરાત કરાઈ**


(એચ.એસ.એલ),ડાકાર,તા.૨૫



નાઈજરના પશ્ચિમ ભાગમાં આવેલા એક ગામ પર એક જેહાદી સંગઠને મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં ગામના ૪૪ નાગરિકોના મોત થયા હતા. નાઈજરના ગૃહ મંત્રાલયે આ માહિતી આપી. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે,માલી અને બુર્કિના ફાસોની સરહદ નજીક કોકોરો ગ્રામીણ વિસ્તારના ફામ્બિતા ગામમાં હુમલો થયો હતો. તેણે આ હુમલા માટે ઈસ્લામિક સ્ટેટ ઈન ગ્રેટ સહારા અથવા ઈઆઈજીએસને જવાબદાર ઠેરવ્યું.નાઈજરમાં ૪૪ નાગરિકોના મોત બાદ સરકારે ૩ દિવસનો શોક જાહેર કર્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે કામચલાઉ મૃત્યુઆંક ઓછામાં ઓછો ૪૪ છે, જ્યારે ૧૩ ગંભીર રીતે ઘાયલ છે. ગૃહમંત્રાલયે ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે.

# સાઉદી અરેબિયામાં અમેરિકન અને રશિયન વાટાઘાટકારો વચ્ચે મહત્વની વાતચીત શરૂ

(એચ.એસ.એલ),કિવ,તા.૨૫



યુક્રેનમાં આંશિક યુદ્ધવિરામ પર અમેરિકા અને રશિયન વાટાઘાટકારો વચ્ચે સાઉદી અરેબિયામાં વાતચીત શરૂ થઈ. આ માહિતી રશિયન સમાચાર અહેવાલોમાંથી મળી છે. યુએસ અને યુક્રેનિયન પ્રતિનિધિમંડળો વચ્ચે વાટાઘાટોના એક રાઉન્ડના થોડા કલાકો પછી આ વાટાઘાટો શરૂ થઈ. રાજ્ય સમાચાર એજન્સીઓ અનુસાર, વાટાઘાટો રાજધાની રિયાધમાં શરૂ થઈ હતી અને આ બેઠક પછી, યુએસ અને યુક્રેનિયન પક્ષો વચ્ચે બીજી બેઠક થવાની સંભાવના છે. અહેવાલમાં જણાવાયું છે કે રશિયા અને યુક્રેન બંને દ્વારા પાવર પ્લાન્ટ્સ અને નાગરિક માળખાગત સુવિધાઓ પર લાંબા અંતરના હુમલાઓમાં વિરામની વિગતો અલગ-અલગ બેઠકોમાં ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત, કાળા સમુદ્રમાં હુમલાઓને રોકવા માટે સુરક્ષિત વાણિજ્યિક દરિયાઈ પરિવહન સુનિશ્ચિત કરવા પર પણ ચર્ચા કરવામાં આવશે. યુક્રેન અને રશિયા બુધવારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીત બાદ મર્યાદિત યુદ્ધવિરામ માટે સૈદ્ધાંતિક રીતે સંમત થયા હતા.

# વડિયાનાં મોટા ઉજળા ખાતે પોષણ પખવાડીયાની ઉજવણી

અમરેલી, તા.૨૫



વડિયાનાં મોટા ઉજળા ગામે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય હેતુ પૂર્ણા યોજના અંતર્ગત કિશોરીઓના કુપોષણને દૂર કરવાનો અને એનિમિયાનું પ્રમાણ ઘટાડવાનો હતો. આંગણવાડી વર્કર બહેનોએ કિશોરીઓને જીવન જરૂરી આવડત વિશે સમજાવ્યું હતું. દર મહિને આપવામાં આવતા પોષણયુક્ત પેકેટમાંથી વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. દેશમાં કિશોરીઓમાં એનિમિયાનું પ્રમાણ ખૂબ વધારે છે, જે તેમના અને ભાવિ બાળકોના સ્વાસ્થ્ય માટે જોખમી છે. આ સમસ્યાને દૂર કરવા માટે સાપ્તાહિક આયર્ન અને ફોલિક એસિડ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉજવણી દ્વારા કિશોરીઓને પોષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.


# લીલીયાના વાઘણીયા ગામે ૪ વર્ષ પહેલા થયેલી ચૂંટણીના મતની કોર્ટમાં ગણતરી

લીલીયા,તા.૨૫

લીલીયા તાલુકાના વાઘણીયા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં થઈ છે ૨ મતે પરાજીત ઉમેદવારે નામદાર કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. જેથી કોર્ટ દ્વારા આજે મત ગણતરી કોર્ટના જજની અધ્યક્ષતામાં યોજાઈ હતી.લીલીયા તાલુકાના વાઘણીયા ગ્રામ પંચાયતની ચૂંટણી ૨૦૨૧ના ડિસેમ્બરમાં યોજાયેલ હતી જેમાં બાલાભાઈ ભરવાડ અને રમેશ ઉનાવા સરપંચની ચૂંટણીમાં સામ સામે ચૂંટણી લડેલ ત્યારે બાલાભાઈ ભરવાડને ૨૪૧ મત મળ્યા હતા જ્યારે હરીફ ઉમેદવાર રમેશ ઉનાવાને ૨૩૯ જેવા મતો મળ્યા હતા. સરપંચની ચૂંટણી હારતા પરાજીત ઉમેદવાર રમેશ ઉનાવાએ લીલીયા કોર્ટમાં અપીલ કરવામાં આવતા તા.૨૫/૩/૨૦૨૫ ના રોજ લીલીયા કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો કે વાઘણીયા ગ્રામ પંચાયતની ચૂંટણીની ફરી મત ગણતરી કરવામાં આવી હતી. જો કે તે વખતના ચૂંટણી પ્રિસાઈન્ડીગ ઓફિસર સાથે તાલુકા વિકાસ અધીકારીની હાજરીમાં કોર્ટના જજની અધ્યક્ષતામાં મત ગણતરીઓ શરૂ કરવામાં આવી હતી. જેમાં પરાજીત ઉમેદવાર રમેશ ઉનાવા વધુ ૧ મતે એટલે કે ૩ મતે પરાજીત થયા હતા. વિજેતા બાલાભાઈ ભરવાડ ૧ મતે નહિ પણ ૩ મતે કોર્ટ દ્વારા વિજય જાહેર કરવામાં આવ્યા હતા.૨૦૨૧ની ડિસેમ્બરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ સામે કોર્ટમાં ફેર ગણતરી અંગેની માંગ બાદ એકને બદલે ૩ મતે પરાજીત થયેલા ઉમેદવાર રમેશ ઉનાવાએ કોર્ટના નિર્ણયને શિરોમાન્ય ગણ્યો હતો.

# કોડીનારની ગીર દેવળી ગ્રામ પંચાયત દ્વારા ૪૪ દબાણકારોનું દબાણ દૂર કરાયું

કોડીનાર તા.૨૫



ગીર સોમનાથના જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં કોડિનાર તાલુકાના ગીર દેવળી ગામે ગૌચરની જમીન ઉપર ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ૪૪ દબાણકારો દ્વારા દબાણ કરવામાં આવેલી આશરે ૨,૩૦,૦૦૦ ચો.મી. ગૌચર જમીન કિંમત અંદાજીત રૂ. ૩ કરોડ ૪૫ લાખની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. હજુ પણ ગ્રામ પંચાયત દ્વારા બે જેસીબી રાખીને ગૌચર જમીન પરના તમામ દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

**રાજુલાના મહે. તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કાર્ટમાં, મું. રાજુલા**

જન્મ અરજી નં. ૪૭૦/૨૪

(૧) અરજદાર :- શંભુભાઈ દુદાભાઈ બારૈયા
ઉવ.આ.૪૩ ધંધો-મજુરી, ધર્મે-હિન્દુ,
રહે. દિપડીયા તા.રાજુલા. જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

(૧) સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર સાહેબ,
-વ-
તલાટી કમ મંત્રી સાહેબ,
ગ્રામ પંચાયત કચેરી, દિપડીયા.
મુ.દિપડીયા. તા.રાજુલા. જિ.અમરેલી.

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે દિપડીયા ગામે રહેતા **શંભુભાઈ દુદાભાઈ બારૈયા** એ તેમના પુત્ર નામે- **સાહિલ શંભુભાઈ બારૈયા**નો જન્મ મોજે દિપડીયા મુકામે તા.૩૦/૦૧/૨૦૨૧ ના રોજ થયેલ છે. તે મતલબની નોંધ કરાવવા તેમના વકીલશ્રી જય આર. બારેયા તથા કુ.દયાબેન ટી. સોજીત્રા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે કરાવી આપવા સામે કોઈપણ ને વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા-તકરાર રજુ કરવા તથા વાંધા-તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૦૫ માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કા કરી આપ્યા

**સ્થળ : રાજુલા**
**તા. ૨૫/૦૩/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રજુલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. મરણ નોંધણી/અરજી નં.૩૪૯/૨૦૨૪

અરજદારશ્રી:- શ્રી બાબુભાઈ પુનાભાઈ ભીમાણી
રે.ઈ-૧૦૩ અશ્વમેઘ વિલા, યોગી ચોક, પુણા, સુરત ૩૯૫૦૧૦

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-.... ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી **પુનાભાઈ ભગવાનભાઈ ભીમાણીનું મરણ તા.૧૬/૦૧/૧૯૮૦** ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૦૧/૨૦૨૪

અરજદારશ્રી:- પ્રવિણભાઈ છગનભાઈ રંગોળીયા
રહે. નાના જીંજુડા તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-.... ૧. તકમશ્રી નાના જીંજુડા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી **છગનભાઈ ભીમજીભાઈ રંગોળીયાનું મરણ તા.૨૨/૦૬/૧૯૯૨** ના રોજ મુ. નાના જીંજુડા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૦૯/૨૦૨૫ તા.૨૪/૦૩/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ધીરૂભાઈ જુઠાભાઈ કોઠીયા
રહે. ૧૪૨ સોમેશ્વરા એનકલેવ, વીર નર્મદા યુનીવર્સીટીની પાછળ વેસુ સુરત
અરજદારના વિ.વ.શ્રી જે.પી. વાણીયા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-.... ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્રી **ગૌરીબેન ધીરૂભાઈ કોઠીયાનો જન્મ તા.૦૫/૦૩/૧૯૭૦** ના રોજ મુ. મીતીયાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.


વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ગુજરાત પોલીસે અન્ય રાજ્યમાં ૩૦થી વધુ દરોડા પાડી ડ્રગ્સ ઝડપ્યુ : ગૃહ રાજયમંત્રી સંઘવી

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત પોલીસે છેલ્લા અઢી વર્ષમાં અલગ અલગ રાજ્યોમાં જઈને ૩૦થી વધુ દરોડા પાડી ડ્રગ્સના મોટા જથ્થા સાથે આરોપીઓને પકડયા હોવાનું ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. ડ્રગ્સના પકડાયેલા જથ્થા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે રીતસરની જંગ છેડીને એક પછી એક મોટા-મોટા ડ્રગ્સ કાર્ટેલ્સ પકડી પાડ્યા છે અને ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસે તેની સાથે જ ડ્રગ્સ પકડી પાડવાની નેમ સાથે ખૂબ જ સક્રિયતાથી ગુજરાત પોલીસ કામ કરી રહી છે.ગુજરાતમાં અનેક દરોડા પાડી ડ્રગ્સ પકડ્યાની સાથે સાથે ગુજરાત પોલીસે છેલ્લા વર્ષમાં



અન્ય અલગ અલગ રાજ્યમાં જઈને ૩૦થી વધુ દરોડા પાડી ડ્રગ્સના જથ્થા પકડ્યા છે. મંત્રીએ ભરૂચ અને સુરત જિલ્લામાં તા.૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પકડાયેલા ડ્રગ્સ/ નશીલા પદાર્થના પકડાયેલા જથ્થા અંગે કહ્યું કે, ભરૂચ અને સુરત જિલ્લામાં બે વર્ષમાં ગાંજો, મેફેડ્રોન, ચરસ, અફીણ, માદક પદાર્થના રો મટીરિયલ, એલ.એસ.ડી, સીરપ, પોસ ડોડા, પેન્ટાઝોસિલ સહિતના અલગ અલગ પ્રકારના ડ્રગ્સ/ નશીલા પદાર્થોનો કરોડો રૂપિયાના મુદ્દામાલનો જથ્થો પકડી પાડવામાં પોલીસ સફળ રહી છે.

# અમરેલી સહિત રાજયમાં ગરમીએ ભુક્કા બોલાવ્યા, હજુ ગરમી વધવાની સંભાવના

**વાતાવરણમાં પલટો આવતા માર્ચના મધ્યમાં ગરમીમાં ઘટાડો નોંધાયો હતો**

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં માર્ચ મહિનાના અંતમાં ગરમીએ માઝા મૂકી છે. મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન ૧ ડિગ્રી જેટલું ઊંચકાયું છે.આગામી એપ્રિલ મહિનાના આરંભમાં આકરી ગરમીને લઈને હવામાન વિભાગે આપી ચેતવણી. માર્ચ મહિનાના મધ્યમાં હવામાનમાં પલટો આવતા તાપમાનમાં ઘટાડો થયો હતો. પરંતુ ફરી રાજ્યમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી પાર પહોંચ્યો છે. માર્ચ મહિનાના અંત સાથે જ ભૂક્કા બોલાવશે તેવી કાળઝાળ ગરમી જોવા મળશે. રાજ્યમાં મોટાભાગના સ્થાનો પર તાપમાનનો પારો ઉચકાયો છે. રાજ્યમાં સૌથી વધુ તાપમાન



વલ્લભ વિદ્યાનગરમાં ૪૧.૩ ડિગ્રી નોંધાયું છે. જ્યારે સૌથી ઓછું નલિયામાં ૩૭.૬ તાપમાન નોંધાયું. રાજકોટ ૪૧.૦, સુરેન્દ્રનગરમાં ૪૦.૮ ડિગ્રી, અમદાવાદ અને ગાંધીનગર ૪૦.૦ ડિગ્રી તાપમાન જોવા મળ્યું. જ્યારે ભુજ ૪૦.૨, વડોદરા ૪૦.૨, અમરેલી ૪૦.૪ અને કેશોદ ૪૦.૫ની આસપાસ તાપમાન નોંધાયું. આ ઉપરાંત અન્ય સ્થાનો પર ડીસા, કંડલા, સુરત અને નલિયામાં ૪૦ ડિગ્રીથી નીચે તાપમાન નોંધાયું. સુરતમાં ૩૭.૦, ડીસા ૩૯.૩, કંડલા ૩૯.૯ ડિગ્રી,ભાવનગર ૩૮.૮, મહુવા ૩૮.૦ અને સૌથી ઓછું નલિયામાં ૩૭.૬ તાપમાન નોંધાયું હતુ.




# આજે મુખ્યમંત્રી રાજકોટમાં આઈકોનીક બ્રિજનુ ખાતમૂહૂર્ત કરશે

રાજકોટ,તા.૨૫

આજે તા. ૨૬ના સાંજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજકોટ મહાનગરપાલિકા અને રૂડાના રૂ. ૫૬૫.૬૩ કરોડના વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહુર્તનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેમાં રૂપિયા ૧૬૭ કરોડનાં ખર્ચે બનનાર ગુજરાતનાં પ્રથમ થ્રીલેયર આઈકોનીક બ્રિજનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીનાં હસ્તે કરવામાં આવનાર છે. આ સાથે આવાસ યોજનાનાં ખાલી પડેલા ૧૮૩ આવસોનો ડ્રો તેમજ બાંધકામ, ડ્રેનેજ અને વોટરવર્ક્સ વિભાગના વિવિધ કામનું ખાતમુહૂર્ત અને ૨૫ નવી બસોનું લોકાર્પણ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવનાર છે. જોકે કાર્યક્રમનું લીસ્ટ ફાઈનલ થતા પૂર્વે કેકેવી ચોક હેઠળ બનાવવામાં આવેલા નવા ગેમઝોનનું ઉદ્ઘાટન હાલ મુલતવી રખાતા અનેક તર્કવિતર્ક સર્જાયા છે.

# કેજરીવાલ, સંજયસિંહ સામે કોર્ટમાં ચાર્જ ફ્રેમ

અમદાવાદ,તા.૨૫

વર્ષ ૨૦૨૩માં ગુજરાત યુનિવર્સિટીએ અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહ સામે અમદાવાદ મેટ્રો કોર્ટમાં બદનક્ષીનો દાવો દાખલ કર્યો હતો. વડાપ્રધાનની ડિગ્રી ઉપર પ્રશ્ન ઉઠાવવાની વાતમાં બંનેએ ગુજરાત યુનિવર્સિટીની બદનક્ષી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. બંને સામે મેટ્રો કોર્ટમાં ચાર્જ ફ્રેમ થઈ ચૂક્યો છે અને અત્યારે કેસ યુનિવર્સિટી તરફે સાહેદો તપાસવાના સ્ટેજ ઉપર છે.

# અમદાવાદ શહેરમાં વધુ એક નબીરાએ બેફામ કાર ચલાવી ૮ને અડફેટે લીધા

અમદાવાદ,તા.૨૫

અમદાવાદના ડ્રાઈવ ઈન રોડ પરના હિમાલયા મોલ પાસેથી ૨૪ માર્ચને સોમવારે રાતે ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં થાર લઈને નીકળેલા હરેશ ઉર્ફે આકાશ ઠાકોરે ૪થી ૫ વાહનને અડફેટે લીધાં હતાં.



ત્યાર બાદ કાર રોકાઈ જતાં લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું અને કાર પાસે પહોંચ્યું હતું, જેથી કારચાલક છરો લઈને બહાર નીકળતાં રોષે ભરાયેલા લોકોએ તેની ધોલાઈ કરી હતી. તેમ છતાં તે રોડ પરથી મોટો પથ્થર ઉપાડીને લોકોને મારવા દોડ્યો હતો. આખરે પોલીસ આવતાં તેને પકડીને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. અકસ્માત તેમજ દારૂ પીને યુવકે કરેલા હુમલામાં ૮ જેટલા માણસોને સામાન્ય ઈજા થઈ હતી.

# ક્રિકેટ ફીવર વચ્ચે મુંબઈ ઈન્ડીયન્સ ટીમના ખેલાડીઓ જામનગર પહોંચ્યા

જામનગર,તા.૨૫

આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટ શરૂ થઈ છે. આથી દેશભરમાં પુનઃ ક્રિકેટફીવર જોવા



મળી રહ્યો છે. ત્યારે સોમવારે મુંબઈ ઈન્ડિયન્સની ક્રિકેટ ટીમનું બપોર બાદ જામનગર એરપોર્ટ પર આગન થયું હતું. મુંબઈ ઈન્ડિયન્સ ટીમના રોહિત શર્મા, હાર્દિક પંડયા સહિતના ખ્યાતનામ ક્રિકેટરો અંબાણીના મહેમાન બન્યા હતાં. આટલું જ નહીં એરપોર્ટ પર આગમન બાદ ક્રિકેટરો રિલાયન્સ જવા રવાના થયા હતાં. જયાં તેઓ રોકાણ કરી વનતારાની મુલાકાત લેશે. ક્રિકેટરોની એક ઝલક નિહાળવા એરપોર્ટ પર મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ઉમટી પડ્યા હતાં.

# ભાવનગર ડિસ્ટ્રીકટ બેન્કની ભરતી પ્રક્રિયામાં કૌભાંડ !

ભાવનગર,તા.૨૫

ભાવનગર ડિસ્ટ્રીક્ટ બેંકની ભરતી પ્રક્રિયામાં મોટું કૌભાંડ થયું હોવાનો આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. જેમણે આજે ભાવનગર બહુમાળી ભવન ખાતે જિલ્લા રજિસ્ટ્રારને આવેદનપત્ર પાઠવ્યું હતું. યુવરાજસિંહ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે, બેંકમાં ભરતી પ્રક્રિયા દરમિયાન સગાવાદ અને લાગતા-વળગતાના આધારે નોકરીઓ આપવામાં આવી છે.

